Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું.
અંક ૫ મો.

સંવત ૧૯૯૮
માર્ગશીર્ષ.



શ્રી તાલધ્વજતીર્થના શીખરો

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય-પરિચય

૧. આત્મ-સમર્પણ ... ... (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) ૧૦૧
૨. શ્રી વિજયવલ્લભસૂર્યષ્ટકમ્ ... ... (પં. રામાનુજાચાર્યવિરચિત) ૧૦૨
૩. ઉપદેશક પદ ... ...(શ્રી યશોભદ્રવિજયજી મહારાજ) ૧૦૩
૪. નાલિકેરાન્યોક્તિ... ... ...(કવિ રેવાશંકર વાલજી બધેકા) ૧૦૪
૫. પાપના પંથે ... ... (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૦૬
૬. શ્રી મૃગાપુત્રચરિત્ર ... ... (મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિગ્નપાક્ષિક) ૧૧૧
૭. વિદ્યાર્થીઓને હિતસંદેશ ... ... (સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) ૧૧૪
૮. ઉપદેશક પુષ્પો ... ... (સં પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ) ૧૧૬
૯. ચક્રવર્તી ચતુર્દશ દ્વાર વર્ણન ... ... (સંગ્રાહક V.) ૧૧૮
૧૦. વીરપણું તે આતમઠાણે ... ... (શ્રી મોહનલાલ દી. ચોકસી) ૧૨૦
૧૧. ઉપદેશ પદ ... ... (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૧૨૨
૧૨. વર્તમાન સમાચાર. (પંજાબ સમાચાર વગેરે)... ... ... ૧૨૩

શ્રી મહાવીર જીવનચરિત્ર.

(શ્રી ગુણચંદ્રગણિકૃત)

બાર હજાર શ્લોક પ્રમાણ, મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

(૧) વસુદેવ હિંડી પ્રથમ ભાગ		રૂા. ૩-૮-૦	(૬) બૃહત્કલ્પસૂત્ર	ભા. ૪ થો	રૂા. ૬-૪-૦
(૨) ,,	દ્વિતીય ભાગ	રૂા. ૩-૮-૦	(૭) ,,	ભા. ૫ મો	રૂા. ૫-૦-૦
(૩) બૃહત્કલ્પસૂત્ર	ભા. ૧ લો	રૂા. ૪-૦-૦	(૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ		રૂા. ૨-૦-૦
(૪) ,,	ભા. ૨ જો	રૂા. ૬-૦-૦	(૯) પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ	ભા. ૨ જો	રૂા. ૪-૦-૦
(૫) ,,	ભા. ૩ જો	રૂા. ૫-૮-૦			

(૧૦) ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું, પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧-૮-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૯ મું : આત્મ- સં. ૪૬ : વીર સં. ૨૪૬૮ : માગશર :
અંક : ૫ મો : વિક્રમ સં. ૧૯૯૮ : ડીસેમ્બર :

આત્મ—સમર્પણ

રચયિતાઃ મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી

(રાગ–બિહાગ)

નયનો કયાં રીઝવું ? દરશ વિણ નયનો કયાં રીઝવું ?–ટેક.

શાશ્વત પ્રેમનું સ્થાન જડે ના, ફરી ફરી કયાં ભમવું ?
કૃત્રિમ ભાવ વિષે ભરમાઇ, અંતર શું ઠગવું ? નયનો૦ ૧

ચંદ્ર મળે તો પ્રેમી ચકોરીનું ઊર શું રીઝતું ?
શશીકેરા ગમને પછી થાયે, તેને તો રડવું. નયનો૦ ૨

કૃત્રિમ વસ્તુ સુલભ બને પણ, ચિત્ત ન ત્યાં ઠરતું;
સચ્ચિદાનંદ નિર્મળ સ્વરૂપે, મુજ મનડું ઠરતું. નયનો૦ ૩

પરમેષ્ઠીમાં શ્રેષ્ઠ સદા તું, દુઃખ હરજે ભવનું. નયનો૦ ૪

નિરામય અનુપમ સહુ જગમાં, તુજ પદને વરવું;
મુનિ હેમેન્દ્ર સદા એ ધ્યાને, ત્હારામાં ભળવું. નયનો૦ ૫

यः परात्मा परंज्योतिः, परमः परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः, परस्ता दमन्ति यम् ॥ १ ॥

(वी. स्तो. प्र. १)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

काशीनिवासी विद्वद्शिरोमणि सर्वशास्त्रनिष्णात पंडित रामानुजाचार्यविरचितं-

श्री विजयवल्लभसूर्यष्टकम्-

अच्छस्वच्छाक्षिवद्भिर्नुतविमलमतिर्बुद्धिराशिः क्षमायुक्,
ज्ञानाग्नौ येन दग्धाः कलिमलविषयाः स्तोमरूपाः समस्ताः ।
सत्तर्कोच्छिन्नपङ्का क्षितितलकुधियो वासना क्षालिताऽभूत्,
तं वन्दे वल्लभार्यं गुणगणसहितं सन्नतः सार्द्रभावैः ॥ १ ॥

यो धाम्ना तिग्मरश्मिः दुरितशमनकृत् सान्द्रपीयूषवर्षश्च,
चन्द्रो ज्योत्स्नासमेतो बुधकुमुदगणे सच्छिवैराप्तपूज्यः ।
धन्या सा रत्नगर्भा सकलजननुतं या सुपुत्रं व्यसोष्ट,
तं वन्दे वल्लभार्यं गुणगणसहितं सन्नतः सार्द्रभावैः ॥ २ ॥

वागीशो वाग्विलासे विबुधगणनुतश्शक्रपूज्यश्च धीमान्,
स्वर्गाल्लब्धावतारः सुकृतिजनयुते भारते भारतीं स्वाम् ।
नष्टप्रायां विलोक्याप्रतिहतवचसा जाग्रतीं येन नीता,
तं वन्दे वल्लभार्यं गुणगणसहितं सन्नतः सार्द्रभावैः ॥ ३ ॥

लुप्तप्राया विभान्ति प्रतिदिनमधुना शास्त्रचर्चाः समर्च्याः,
लोकेऽस्मिन् दैवदोषादिति मनसि महच्छल्यमाविर्बभूव ।
तन्नष्टं येन नीतं सुखदगुणवता दर्शनस्नेहभाजा,
तं वन्दे वल्लभार्यं गुणगणसहितं सन्नतः सार्द्रभावैः ॥ ४ ॥

चाणक्यो नीतिशास्त्रे पदपरिरचनायां स्वयं शेषनागः,
कर्माकर्मज्ञतायां विविधमतियुतो जैमिनिश्चाद्वितीयः ।
काव्ये श्रीहर्षवद्यो रचयति नितरामभृतप्रोतवाणीम्,
तं वन्दे वल्लभार्यं गुणगणसहितं सन्नतः सार्द्रभावैः ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीलक्ष्मीश्चाथ हंसो जयविजयमुनिः स्वर्गतो यस्य कीर्त्तिम्,
गायं गायं विनोदं सकलसुमनसां प्रीतिपूर्ण दधाति ।
भूमिस्थः कान्तिमान्योऽप्यतिमुदितहृदा स्वाऽऽशिषा यं युनक्ति,
तं वन्दे वल्लभार्यं गुणगणसहितं सन्नतः सार्द्रभावैः ॥ ६ ॥
अम्बालान्तर्विभात्यप्रतिहतमनिशं गुर्जरांवालमध्ये,
विद्यागारं तथैवोल्लसितगुणगणोम्मेदपुर्यां शुभाङ्गम् ।
यत्कीर्तिर्भविनीया वसति गुणजुषां मानसे मानदात्री,
तं वन्दे वल्लभार्यं गुणगणसहितं सन्नतः सार्द्रभावैः ॥ ७ ॥
यत्संस्था स्थापिता वै विलसति नितरां मुंबईस्थाऽपराश्री–
वर्काणाग्रामगर्भे प्रथितगुणजुषः सन्ति छात्राः कियन्तः ।
दीयन्ते यत्र शिक्षा विमलगुणयुतैः शिक्षकैर्धर्मपूर्णाः,
तं वन्दे वल्लभार्यं गुणगणसहितं सन्नतः सार्द्रभावैः ॥ ८ ॥

श्रीवल्लभाष्टकं पुण्यं यः पठेद्भक्तिसंयुतः ।
सर्वाभीष्टफलप्राप्तिर्हस्ते तस्य न संशयः ॥

ઉપદેશક પદ.

(ગઝલ- ભૈરવી)

ચાલી જશે પલકમાં મદમસ્ત આ યુવાની,
ચેતો જરા યુવાનો દિલમાં વિચાર આણી.
બચપણ વહે રમતમાં વૃદ્ધત્વ રોગમાંહિ;
સદ્ધર્મ કાજ જગમાં, અવસર ખરો યુવાની. ચાલી૦ ૧
નાટકસિનેમા જોતો, હોટલ નહિ વિસરતો;
વિષયોની જ્વાલાઓમાં, હોમાય જિંદગાની. ચાલી૦ ૨
દર્શન પ્રભુના કરવા, તુજને વખત ના મળતો;
નટીઓને નીરખવામાં, ભૂલે તું અન્નપાણી. ચાલી૦ ૩
સદ્ધર્મ કાજ રૂપીઓ, વાપરતાં મન મુંઝાયે;
થાયે હજારોકેરી, ફેશનમાં ધૂળધાણી. ચાલી૦ ૪
આજે ભલે હસે તું, પાછળથી રોવું પડશે;
કહે યશોભદ્ર સમજીને, ઊજાળો આ યુવાની. ચાલી૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नालिकेरान्योक्ति.

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત)

उच्चैरेष तरुः फलं च विपुलं दृष्ट्वैव हृष्टं शुकः ।
पक्कं शालिवनं विहाय जडधीस्तं नालिकेरं गतः ॥
तत्रारुह्य बुभुक्षितेन मनसा यत्नः कृतो भेदने ।
वाञ्छा तस्य न केवलं विगलिता चञ्चूर्गता चूर्णताम् ॥ १ ॥

આ જગતમાં જ્યાં ત્યાં બાહ્યિક આડંબર (દંભ) ઘણો જ વધી પડેલો છે. એવા બહારના ભભકાથી અંજાઇ, મોહ પામી ઘણા ભોળા અને સરળ ચિત્તના મનુષ્યો ફસાઈ પડે છે અને પરિણામે નિષ્ફળ થઇ હૃદયપૂર્વક પસ્તાય છે. એવા જનોને ચેતવવા માટે કોઇ અનુભવી કવિ ઉપરની અન્યોક્તિદ્વારા બોધ કરે છે.

" કોઇ એક આનંદી-મસ્ત પોપટ પોતાને ભૂખ લાગેલી હોવાથી ઉદરપોષણાર્થે શાળ-(ચોખા-ડાંગર)ના ક્ષેત્ર તરફ ઉતાવળો ઉતાવળો ઊડતો જતો હતો, એવામાં તેની દૃષ્ટિ નીચે પસાર થતા એક લીલાછમ મહાન્ જણાતા વૃક્ષ ઉપર પડી, અને એ સર્વ વૃક્ષોમાં શ્રેષ્ઠ-ઉચ્ચ જોઇ પોતાના મનમાં મગ્ન થઈ કહેવા લાગ્યો કે-આહા ! આ કેવું ઉત્કૃષ્ટ વપુધારી મનોહર લીલા રંગવાળું, અને મહાન્ ફળ જેની ટોચે શોભી રહ્યું છે એવું સુંદર આ વૃક્ષ. બસ ! આજની ક્ષુધા તો અહીં જ તૃપ્ત કરું એમ મન સાથે નિશ્ચય કરી તે અજ્ઞ (પરિણામ નહીં જાણનારો) પોપટ સડેડાટ કરતો નીચે ઊતર્યો, અને એ (નાળિએર) ની ટોચ પર આહ્લાદપૂર્વક આશાભર્યો બેઠો. ભૂખ પણ કડકડીને લાગેલી તેથી સત્વર એ ફળને (નાળિએરના મોટા ત્રોપાને) પોતાની ચાંચવડે ભેદન કરવા લાગ્યો. ઘણી જ ચાંચો મારી પણ ક્યાં એ કઠિનમાં કઠિન ત્રોપાનું આચ્છાદન અને ક્યાં પોપટની કોમળ ચાંચ !!! ભૂખ કહે મારું કામ, એટલે શરીરના સઘળા બળથી તેણે ચંચુપ્રહાર કર્યા, પણ સઘળું નિષ્ફળ ગયું. થાક્યો અને ભારે મૂંઝાયો ! હવે તેને સમજાયું કે અરે ! આ તો લીલા નાળિએરનો જબ્બર ત્રોપો છે, હવે હું ક્યાં જાઉં, શું ખાઉં ! અરેરે ભક્ષ તો ન જ મળ્યું પણ આ મારી ચાંચના પણ ચૂરા થઇ ગયા ! હું એ ચાંચથી હવે ખોરાક પણ બીજે સ્થળેથી કેમ મેળવી શકીશ ? અરે ! બાહ્ય આડંબરવાળા નાળિએરના વૃક્ષ તને ધિક્કાર છે સાથે મને પણ ધિક્કાર છે. કે હું તારું આ દંભી સ્વરૂપ પારખી ન શક્યો. હું તો પારાવાર દુઃખી થયો પણ મારા જેવા બીજા ભોળાઓને ડીંડીંમ વગાડી કહે તો જાઉં છું કે " કેવળ રૂપથી રાચશો નહીં. ઊજળું એટલું દૂધ લેખવશો નહીં. એ દંભી વૃક્ષ તને છેલ્લા પ્રણામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારા વહાલા વાચકવૃંદો-બન્ધુઓ !

એ તો પોપટની અને નાળિએરની વાત થઈ, પણ આપણા માનવસમાજમાં પણ દાંભિકો-ડોળઘાલુઓની ક્યાં ખોટ છે? મોટા આડંબરવાળાઓએ જે જે ગરિબોને-આશાભર્યાઓને છક્કડ ખવરાવી છે, તાળવે ગોળ ચોંટાડી છેતરી પાડી નિરાશ કર્યા છે, એનું શબ્દોમાં વર્ણન કરતાં કલમ પણ ધ્રુજી ઉઠે છે. એવા જગતને મોહપાશમાં (લોભ-લાલચમાં) નાખી, બિચારાઓ પાસેથી જોઇતો સ્વાર્થલાભ સાધી લઇ, પાછળથી જે ધક્કો મારે છે અને તેનાં આશાભંગ થએલાં કાળજાં ફફડાવે છે, એવા ઉજળા ઠગોને ધિક્કારવાને મારા પાસે શબ્દો જ નથી ! ! !

આકાશમાં જોઈ ચાતકપક્ષી, દરેક વાદળાં પાસે જળની યાચના કરે છે, તેને રાજર્ષિપ્રવર ભર્તૃહરિ સાચું જ કહે છે કેઃ—

रे रे ! चातक सावधानमनसा मित्र ! क्षणं श्रूयताम्,
अम्भोदा बहवो वसन्ति गगने सर्वेऽपि नैतादृशाः,
केचित् वृष्टिभिरार्द्रयन्ति धरणीं गर्जन्ति केचित् वृथा,
यं यं पश्यसि तस्य तस्य पुरतः मा ब्रूहि दीनं वचः ॥ १ ॥

હે ! ભાઇ ચાતક ! તું સ્થિર ચિત્તે મારું કથન સાંભળ ! આકાશમાંનાં તમામ વાદળાંઓ પાસે તું જળની માગણી કર્યા જ કરે છે, પણ તને હું સ્પષ્ટ સમજાવું છું કે-એ વાદળાંઓ પૈકી એવાં વાદળાંઓ તો થોડાંક જ (વિરલા જ) હોય છે કે, જે પોતાની જળરૂપી સમૃદ્ધિવડે, તરસી જમીનને રસભીની-તૃપ્ત કરે. બાકીનાં તમામ વાદળાંઓ તો ખાલી શોર-બકોર (ગર્જના) કરી, એક ટીપું પણ પાણીનું આપ્યા વિના ચાલી જ જાય છે; માટે તું ગરિબડું મોં કરી દીનવાણીથી બધા પાસે યાચના કરીશ નહી.

ઉપરની બંને અન્યોક્તિઓ આપણને શું શું સૂચવે છે એ મારા સુજ્ઞ-સહૃદય વાંચકે સ્વયં સમજી લેવું !

તા. ૨૩-૧૧-૪૧
સૂર્યવાસર
ભાવનગર-વડવા

શાસ્ત્રોનો શુભ સંદેશવાહક,
રેવાશંકર વાલજી બધેકા.
નીતિધર્મોપદેશક ઉ. કન્યાશાળા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે:–આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

પાપના પંથે.

અખિલ સંસારમાં પ્રાણિમાત્ર સુખના અભિલાષી છે, દુઃખ કોઇને પણ ગમતું નથી. આમ હોવા છતાં પણ અણુસમજુ, અજ્ઞાની જીવો પુદ્ગલાનંદીપણાના અનાદિ કાળના અભ્યાસને લઇને અને કષાય તથા વિષયને વશ થઇને ક્ષણિક સુખ માટે બીજા જીવોને દુઃખ આપે છે. પોતે માની લીધેલા સુખ તરફ જ લક્ષ્ય હોવાથી અને સુખ મળી ગયાની ભ્રમણાથી, ચિત્ત ભ્રમિત્ત થઇ જવાથી બીજાને થતા દુઃખની જરાએ અસર થતી નથી અને તેથી કરીને તેમનું ચિત્ત કોમળ બની દયાર્દ્ર થતું નથી. સુખ આપવાથી તો સુખ મળે છે પણ બીજાનું દિલ દુખાવી સુખની આશા રાખવી તે વિષપાન કરીને જીવવાની આશાની જેમ નિરર્થક છે.

દુઃખ આપવાના અનેક પ્રકાર હોવાથી પાપ પણ અનેક પ્રકારનું છે. આ અનેક પ્રકારના દુઃખોનો શારીરિક તથા માનસિક દુઃખોમાં સમાવેશ થઇ જાય છે. શરીરદ્વારા અનેક પ્રકારે શરીરની કદર્થના કરીને શારીરિક દુઃખ અપાય છે, અને પ્રતિકૂળ વાણી તથા વિચારદ્વારા તેમજ કાયાદ્વારા પણ મનને દુભવીને માનસિક દુઃખ અપાય છે. શારીરિક દુઃખોને વ્યાધિ તરીકે ઓળખવામાં આવે છે ત્યારે માનસિક દુઃખો આધિ તરીકે ઓળખાય છે શારીરિક પીડા આપવા કરતાં માનસિક પીડા આપવામાં વધારે અપરાધી થવાય છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરીએ તો સ્પષ્ટતર ભાસ થાય છે. શરીરને ઇજા પહોંચાડવાથી મન દુભાય છે પણ તે ચિંતાના સ્વરૂપને પ્રાપ્ત કરી શકતું નથી તેમજ શલ્યની જેમ જીવન પર્યંત ખુચ્યા કરતું નથી. કહેવાય છે કે તલવારનો ઘા રૂઝાઇ જાય છે પણ વચનનો ઘા રૂઝાતો નથી.

બીજાનું માઠું ચિંતવવું, અપશબ્દ બોલવા અછતા દોષોનો આરોપ મૂકવો, માયા વર્તન રાખવું, અસત્ય બોલી વિશ્વાસઘાત કરવો, બીજાના લાભમાં આડે આવી નુકશાન પહોંચાડવું વિગેરે વિગેરે માનસિક દુઃખ ઉત્પન્ન કરવાનાં કારણો છે. અને તે માનવી માત્રને ઉદ્વેગ તથા ખેદની ભઠીમાં અત્યંત તપાવીને તેમના રૂધિર તથા માંસને સુકાવી નાંખે છે અને મૃત્યુના શરણે પહોંચાડે છે. કેટલાકને તો ઉદ્વેગ તથા ખેદ ન સહન થવાથી આત્મઘાતનો આશ્રય લેવો પડે છે અથવા તો વગર પ્રયાસે દેહ છોડી દેવો પડે છે.

યદ્યપિ શારીરિક દુઃખ આપવામાં માયા-પ્રપંચના ઉપયોગની ખાસ જરૂરત રહેતી નથી તે સિવાય પણ શારીરિક દુઃખ આપી શકાય છે પરંતુ માનસિક દુઃખ આપવામાં તો ખાસ કરીને માયા, પ્રપંચ, છળ–કપટ, દંભ તથા કાવા-દાવાનો ઉપયોગ કરવો પડે છે. માનસિક દુઃખ આપનારના અધ્યવસાય ચોવીસે કલાક મલિન બન્યા રહે છે. પશ્ચાતાપ કરવાનો સમય ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. પણ કાયિક દુઃખ આપનારના તો બીજાના શરીરને ઇજા પહોંચાડયા પછી અધ્યવસાય ફરી પણ જાય છે. અને પશ્ચાતાપ કરીને દુઃખી થનારની પાસેથી માફી પણ માગી લે છે; માટે જ માનસિક દુઃખ આપનાર શારીરિક દુઃખ આપનાર કરતાં વધારે અપરાધી છે. કોઇ માણસને કોઇએ શસ્ત્રદ્વારા અથવા તો યષ્ટિ મુષ્ટિથી પ્રહાર કરીને ઇજા પહોંચાડી હોય, કે જેને લઇને શરીરમાં ઘા પડ્યા હોય અથવા તો બીજી કંઇ પીડા થઇ હોય તો તેની ચિકિત્સા કરી મટાડનાર ઘણા મળી આવે છે કે જેને વૈદ્યડૉક્ટર તરીકે ઓળખવામાં આવે છે; પણ માનસિક પીડા મટાડનાર સંસારમાં કોઇ નથી, તેની ચિકિત્સા નથી, ઔષધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી તેમજ ચિકિત્સાશાસ્ત્ર પણ નથી માટે જ શારીરિક દુઃખ કરતાં માનસિક દુઃખ પ્રધાન છે.

સત્પુરુષો–મહાપુરુષો સિવાય મિથ્યાભિમાની સંસારના પ્રાણી માત્રમાં સ્વાર્થ રહેલો છે, આ સ્વાર્થ અનેક પ્રકારનો હોવા છતાં તેનો બે વિભાગમાં સમાવેશ થઇ શકે છે. એક તો જીવવાને માટે કરવામાં આવતા પ્રયત્નસ્વરૂપ અને બીજો મોજશોખ તથા આનંદ, સુખશાંતિ માટે કરવામાં આવતા પ્રયત્નસ્વરૂપ, કેવળ જીવવાના સ્વાર્થીઓ બીજા જીવોને ઘણું કરીને શારીરિક દુઃખ આપનારા હોય છે; પણ એ સિવાયના બીજા સ્વાર્થીઓ તો મોટે ભાગે માનસિક તથા શારીરિક દુઃખ આપે છે, અને પોતાની ક્ષુદ્ર તૃષ્ણાઓને સંતોષે છે; છતાં પરિણામે તમને સંતોષ મળી શકતો નથી. પ્રારંભમાં સંતોષ જણાય છે ખરો પણ તે કેવળ તેમની એક ભ્રમણા જ હોય છે, જીવોએ જે જીવન મેળવ્યું હોય તેમાં જીવવાનો સ્વાર્થ તો સહુને હોય છે, અને તેના માટે કાંઇ ને કાંઇ પ્રયાસ કરવો જ પડે છે, અને તેના અંશે અપરાધી પણ બનવું પડે છે, તો પણ ઓછા અપરાધે જીવાય તો અત્યંત ઉત્તમ છે; કારણ કે તેમ કરવાથી આત્મા પાપથી ઓછો લેપાય છે. બીજા જીવોને જીવાડીને જીવનારા કે જેઓ સત્પુરુષોની કોટીમાં ગણાય છે એટલે દરજ્જે તો નહી પણ ઓછા અપરાધે જીવનારા સાધુપુરુષોની પંકિતમાં ભળી શકે છે, અને સમજુ સંસાર તેમને બહુમાનની દૃષ્ટિથી જુએ છે તેમ જ તેમનું અનુકરણ કરવા ઉદ્ધૃત થાય છે.

જીવવાના સ્વાર્થ સિવાય બીજા અજ્ઞાનતાથી પોતે માની લીધેલા આનંદ, સુખ, શાંતિ, સંતોષ, તૃપ્તિ આદિ સ્વાર્થોને માટે પ્રાણીઓ નિરંતર પુષ્કળ અપરાધો સેવ્યા કરે છે, કારણ કે ધર્મ તથા નીતિનું ઉલ્લંઘન કર્યા સિવાય બનાવટી ભ્રામક આનંદ આદિ પ્રાપ્ત થઇ શકતા નથી. અને તે ઉલ્લંઘન બીજાને શોક, દુઃખ, અશાંતિ, અસંતોષ આદિ આપવાથી અવશ્ય થાય છે. તેમજ બીજાને શોક વિગેરે પણ માયા, પ્રપંચ, છળ, અસત્ય, કાવાદાવા અને કપટથી તેની સાથે વર્તવાથી થાય છે. યદ્યપિ બીજાને આનંદ, સુખ, શાંતિ આપીને પોતે આનંદ સુખશાંતિ મેળવવાવાળા પણ સંસારમાં હોય છે; પરંતુ તે અત્યંત અલ્પ પ્રમાણમાં હોય છે. કારણ કે તેમ કરવામાં ક્ષુદ્ર વાસનાઓ તથા તૃષ્ણાઓનો ભોગ આપવો પડે છે, તેમજ આર્થિક તથા શારીરિક સંપત્તિનો વ્યય કરીને જીવનમાં કેટલાક દુઃખદ પ્રસંગોનો સામનો કરવો પડે છે. અને એટલા માટે જ આવા દૈવી પુરુષોનું પાપના પ્રસંગોમાં પાપની વિચારણામાં સ્થાન જ નથી.

મિથ્યાભિમાની માનવાઓની પ્રકૃતિમાં ઘણી જ વિલક્ષણતા રહેલી હોય છે, સ્વાર્થ હોય કે ન હોય તો પણ અભિમાનના આવેશથી પણ બીજા જીવોને કનડીને સંતોષ માને છે. જેમની પ્રકૃતિમાં અસહિષ્ણુતા તથા અભિમાનની માત્રા અધિકપણે રહેલી હોય છે તેઓ જો શારીરિક તથા આર્થિક સંપત્તિથી સબળ હોય અને તેના વચનનું કે વર્તનનું અપમાન કરનાર બંને પ્રકારે નિર્બળ હોય તો શારીરિક તથા માનસિક બંને પ્રકારની પીડા આપવામાં પોતાને મળેલી સંપત્તિનો દુરુપયોગ કરે છે. સશસ્ત્ર કે નિઃશસ્ત્રપણે નિર્બળના શરીર ઉપર હુમલો કરીને તેને ઇજા પહોંચાડે છે, અથવા તો દ્રવ્ય વ્યય કરીને બીજાની મારફત તેને શારીરિક દુઃખ ઉત્પન્ન કરાવે છે. તથા તેની જીવનવૃત્તિનો ભંગ કરવા પોતાની શકિત વાપરીને તેને માનસિક પીડા ઊભી કરે છે, તેની આજીવિકાના સાધનોને તોડવા પ્રયત્ન આદરે છે, કોઇને ત્યાં નોકર હોય તો શેઠને અવળું સમજાવીને રજા અપાવે છે, કોઇના આશ્રય તળે ધંધો કરી રળી ખાતો હોય તો આશ્રય આપનારના હૃદયમાં માયાવીપણે તેના માટે અપ્રમાણિકતાની છાપ બેસાડીને નિરાશ્રિત બનાવે છે, અછતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દોષોનો આરોપ કરીને અને અપરાધી બનાવીને રાજપુરુષોદ્વારા શિક્ષા કરાવે છે. આવા અનેક પ્રસંગો ઉપસ્થિત કરીને પણ બીજાને માનસિક વ્યથાનો ભાગી બનાવે છે, જો તેઓ આર્થિક અથવા તો શારીરિક સ્થિતિમાં બીજાથી નબળા હોય તો કેવળ માયા-પ્રપંચ તથા અસત્યનો આશ્રય લઇને પણ બીજાને દુ:ખી કરીને પોતે શાંતિ મેળવે છે. અન્યને અવળું સમજાવીને તેના અનેક વિરોધીઓ ઊભા કરે છે. તેની પ્રિય વસ્તુનો વિચ્છેદ કરીને તેનું મન દુભાવે છે. જો સામેનો માણુસ ધર્મપ્રિય હોય તો તેના ધર્મકાર્યમાં આડો આવીને તેને દુ:ખ ઉત્પન્ન કરે છે. સામેના માણુસ સાથે માયાવી મૈત્રી કરીને તેનું કાસળ કઢાવે છે, અથવા તો વિશ્વાસઘાત કરીને આપત્તિ-વિપત્તિના પ્રસંગો એવા ઊભા કરે છે કે જેથી કરો તેનું જીવન દુ:ખમય બની જવાથી પરિણામે તેને આત્મઘાતનો આશ્રય લેવો પડે છે.

જીવવાનો તેમજ આનંદ, સુખ તથા મોજ-શોખનો સ્વાર્થ આડો આવવાથી તો માનવીઓ બીજાને કનડી દુ:ખ દઇને અત્યંત પાપ ઉપાર્જન કરે છે અને અપરાધી બને છે; પરંતુ જેમને લેશમાત્ર પણ સ્વાર્થ હોતો નથી એવા તુચ્છ પ્રકૃતિવાળા કેવળ મિથ્યાભિમાન, અસહિષ્ણુતા, સત્તા, દ્વેષ, વિરોધ, ઇર્ષા આદિને આધીન થઇને બીજાની ઉપર અણગમો આવવાથી જ તેમને નિરર્થક દુ:ખી કરે છે. અનેક પ્રકારની આપત્તિવિપત્તિ ઊભી કરીને તેના જીવનને અકારું બનાવી નાંખે છે. પોતાની આણમાં વર્તાવવા બીજાના બળને અસત્ય તથા છળની સહાયતાથી અનેક પ્રકારની ખટપટો કરીને શિથિલ બનાવી નાંખે છે. બીજાને આર્થિક તથા શારીરિક નુકશાન પહોંચાડીને અત્યંત આનંદ મનાવે છે. બીજો સુખી હોય, સંપત્તિવાળો હોય, ગુણવાન તરીકે ઓળખાતો હોય, માનવીઓમાં સારો આદરસત્કાર મેળવતો હોય તો તેને તુચ્છ-પ્રકૃતિવાળા માનવીઓનાં હૃદય હલકાં હોવાથી સહન કરી શકતા નથી અને તેમને હલકા પાડવાને ઘણા નીચ પ્રયાસો આદરે છે. અછતા દોષોનો આરોપ મૂકીને જનતામાં અવર્ણવાદ બોલે છે. પ્રમાણિક સભ્ય સજ્જન માનવીઓ તો આવી હલકી વ્યક્તિઓની અવગણના જ કરે છે; પરંતુ તેના જેવા જ હલકા હૃદયવાળા ઇર્ષ્યાળુ માનવીઓ તેના બોલને વધાવી લઇને અને ઉત્તેજન આપીને જ્યારે સક્રિય ભાગ લે છે ત્યારે તો તે પોતાના હૃદયમાં અત્યંત આનંદ મનાવે છે, અને નિરર્થક પાપ ઉપાર્જન કરીને અપરાધી બને છે. મિથ્યાભિમાની સત્તાધારીઓમાં પણ અસહિષ્ણુતાની માત્રા અધિક હોય છે અને એટલા માટે જ તેઓ પણ નિરપરાધી માનવીઓને દુ:ખ આપવામાં કમી રાખતા નથી અને નિરર્થક વધારે અપરાધી બને છે. આ બધાયે પાપ ઉપાર્જન કરી અપરાધી બનનારાઓ કરતાં પણ વધારે પાપ ઉપાર્જન કરી અપરાધી બનનારા સંસારમાં કૃતઘ્ન દ્રોહીઓ અને વિશ્વાસઘાતી છે. કૃતઘ્ન માણુસોમાં નિર્દયતા અતિશયપણે રહેલી હોય છે. કૃતઘ્ન માણુસના મરતાં પ્રાણ બચાવ્યા હોય તો પણ સમય આવ્યે બધુંયે ભૂલી જાય છે, અને પ્રાણ બચાવનારના પણ પ્રાણ લેવા તૈયાર થઇ જાય છે. માતાપિતાએ અનેક પ્રકારના કષ્ટો સહન કરીને મોટા કરેલા કુપુત્રો મોટા થયા પછી વડિલોપાર્જિત સંપત્તિ મેળવીને કાંઇક સુખી સ્થિતિ પ્રાપ્ત કરવા છતાં પણ માતાપિતાની સેવા કરવાને બદલે તેમને અનેક પ્રકારની કનડગત કરે છે, તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અથવા તો અનાદર તથા તિરસ્કાર કરીને માનસિક દુ:ખ આપે છે, પ્રતિકૂળ આહાર આદિદ્વારા તેમજ તાડના, તર્જના કરીને શારીરિક દુ:ખ આપે છે, અને છેવટે અત્યંત ઘૃણા આવવાથી માતાપિતાનું મૃત્યુ ચિંતવી માતૃઘાતી પિતૃઘાતી થવામાં જ પોતાને કૃતકૃત્ય માને છે. એક વ્યક્તિ કે જે અત્યંત કંગાળ સ્થિતિમાં હોય અને જેના ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અન્નદેવ પણ નિરંતર અપ્રસન્ન રહેતા હોય એવી સ્થિતિવાળાની કોઇ દયાળુ માણસ દયા ખાઇને પોતાના તન, મન, ધનના ભોગે પણ તેને સારી સ્થિતિમાં લાવી મૂકે, અને તે સારી રીતે સુખમય જીવન ગાળતો હોય એવે સમયે દૈવવશાત્ તેના ઉપકારીની અત્યંત નબળી સ્થિતિ થઇ જાય તો તેના કરેલા ઉપકાર ભૂલાવી દઇને કૃતઘ્નશિરોમણિ ઉપકારીની સંભાળ લેવી તો દૂર રહી પણ તેને આપત્તિમાં પડેલા જોઇને ખુશી થાય છે. કદાચ આશા કરીને એ પૈસાની મદદ લેવા આવ્યો હોય અને શરમથી પાંચ પૈસા ધીર્યા હોય તો પૈસા આપવાની મુદ્દત સગવડતાના અભાવે વીતી જતાં રાજ્યદ્વારા પોતાના આપેલા પૈસા વસુલ કરવા તેને ઘરબાર વગરનો બનાવીને રઝળતો કરી નાંખે છે. કોઇ વખત તો આશા કરીને આવ્યો હોય તો કાંઇ પણ આપ્યા સિવાય જેમ તેમ માર્મિક વચનો સંભળાવીને નિરાશાની સાથે માનસિક દુઃખ ઉત્પન્ન કરે છે. એનાથીએ વધારે કૃતઘ્નશિરોમણિ ધર્મનો ઉપકાર ભૂલનાર છે. ધર્મના પ્રતાપથી જેમણે મનુષ્યજન્મ, આર્યદેશ, ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, પાંચે ઇંદ્રિયે પૂર્ણ, અઢળક ધન, પૌદ્ગલિક સુખની સામગ્રી, નિરોગી શરીર, અનુકૂળ સ્વજન વર્ગ, નિર્મળ યશકીર્તિ, પાંચ માણસોમાં આદરસત્કાર અને એ ઉપરાંત આત્મશ્રેયની સકળ સામગ્રી મેળવેલી હોય, અને ધર્મના રક્ષણ તળે સુખે જીવતા હોય એવાઓને ધર્મની સેવા કરવાનું કહેવામાં આવે તો તરત જ તેમને ગ્લાનિ થાય છે અને મુખ મરડે છે. ધર્મના પસાયથી મેળવેલી સંપત્તિમાંથી પાંચ પૈસા ધર્મ નિમિત્તે માંગવામાં આવે તો સ્પષ્ટ ના પાડે છે. માનવી માત્રની પાસે જેટલીએ સુખની સામગ્રી છે તે બધીય ધર્મે આપેલી હોવાથી સમય આવ્યે સઘળું ય ધર્મને અર્પણ કરી દેવું જોઇએ છતાં જેઓ મિથ્યાભિમાનમાં આવી ધર્મનો અનાદાર કરે છે તેઓ કૃતઘ્નશિરોમણિ કહેવાય છે.

દ્રોહી માણસોના હૃદય અત્યંત તુચ્છ-હલકાં હોય છે. એમની પ્રકૃતિ નિષ્પ્રયોજન દ્રોહ કરવાવાળી હોય છે. બીજાઓની સુખ શાન્તિ એમને જરાય ગમતી નથી. બીજાઓને આપત્તિ-વિપત્તિમાં નાખવા એમનો સતત પ્રયાસ ચાલુ જ રહે છે. દ્રોહી માણસોને દ્રોહ કરવાને કોઇ પણ અયોગ્ય હોતું નથી. માતાપિતા, સ્વામી, ગુરુ, પુત્ર, સ્ત્રી આદિ સર્વનો દ્રોહ કરે છે. બીજાને સુખી જોઇ તેને દુઃખી કરવા પ્રયાસ કરે છે અને દુઃખી જોઇ સુખ મનાવે છે, રાજી થાય છે. આવા માણસો મોઢેથી મીઠાબોલા પણ હૃદયમાં ઝેરથી ભરેલા હોય છે. એમનામાં દેખીતી રીતે વિનય તથા નમ્રતાની માત્રા બીજા કરતાં અધિકતર દેખાય છે, પણ અંતઃકરણ અનિષ્ટની ભાવનાથી વાસિત હોય છે. આવા માણસો મુખ્યત્વે કરીને પોતાના સંબંધીઓ સ્નેહીઓ તેમજ ઉપકારીઓનું અનિષ્ટ, અકલ્યાણ, અહિત કરીને અત્યંત સંતોષ માને છે. બીજાને આપત્તિ-વિપત્તિમાં નાંખવાના પ્રયાસોમાં ફાવી ન શકે તો તેમના હૃદય શોકથી બળ્યા કરે છે. એમનામાં અસીમ અસહિષ્ણુતા રહેલી હોવાથી અન્યની સદ્ભૂત ગુણસ્તવના સાંભળીને કે ગુણવાન શ્રેષ્ઠ પુરૂષોદ્વારા કરવામાં આવતો આદરસત્કાર જોઇને અત્યંત દુઃખી થાય છે.

ધર્મદ્રોહી સર્વદ્રોહીઓમાં અગ્રસ્થાને છે. વિષયાસકત માનવી પોતાની ક્ષુદ્ર વાસના સંતોષવાને ધર્મપ્રિય શ્રધ્ધાળુના હૃદયમાંથી ધર્મવાસના દૂર કરીને અનેક પ્રકારની કુયુકિતઓથી ધર્મનો દ્રોહી બને છે. પુદ્ગલાનંદીપણાને લઇને મિથ્યા શ્રધ્ધા હોવાથી ધર્મ તથા ધર્મીના અવર્ણવાદ બોલે છે. મુકિતપથપ્રદર્શક સમ્યગ્ શાસ્ત્રોને વખોડે છે, વિશુધ્ધ ધર્મમાર્ગે ગમન કરનારાઓને અછતા દોષો દેખાડીને માર્ગભ્રષ્ટ કરે છે. ધર્મનો વિકાસ તથા ઉન્નતિ જોઇને હૃદયમાં બળે છે, અને ધર્મ ધર્મી-ઉપર અછતા આરોપો મૂકી પોતાની દૃષ્ટિથી દૂષિત કરીને ધર્મનો દ્રોહ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રમાણે પાપના અનેક પ્રકારો છે, પરંતુ પાપની પૂર્ણાહુતિ વિશ્વાસઘાતમાં થાય છે. અર્થાત્ બધા ય પાપોનો વિશ્વાસઘાતમાં સમાવેશ થઇ જાય છે, કારણ કે વિશ્વાસઘાતી, માયાવી તથા જૂઠાબોલા હોય છે તથા એમનામાં દંભની માત્રા પણ અધિકતર હોય છે અને ધર્મની શ્રદ્ધા પ્રાયઃ હોતી નથી. એઓ ક્ષુદ્ર વાસનાના દાસ હોવાથી પરને વિશ્વાસ ઉત્પન્ન કરવા બીજાની માન્યતા પ્રમાણે ડોળ–આડંબર કરે છે. જેમની પાસેથી પોતાની વાસનાની તૃપ્તિ કરવી હોય તેમને પોતાની તરફ આકર્ષવાને તેમના વિચાર પ્રમાણે બાહ્ય પ્રવૃત્તિ રાખે છે. બીજા સંપૂર્ણપણે વિશ્વાસની જાળમાં ફસાયા પછી તેમને છેતરવાને ક્ષણ માત્ર પણ વિલંબ કરતા નથી. જ્યાં મિથ્યા ડોળ આડંબર રહેલો હોય છે ત્યાં વિશ્વાસઘાત સારી રીતે વસેલો હોય છે. વિશ્વાસઘાતથી સામેના માણસને થતા આઘાત, પીડા કે દુઃખથી વિશ્વાસઘાતીને જરા ય ખેદ કે દુઃખ થતું નથી પરંતુ પોતાની ક્ષુદ્ર વાસના તૃપ્ત થવાથી આનંદ તથા સંતોષ માને છે, એમને બીજાનું હિત થાઓ કે અહિત થાઓ તેની લેશ માત્ર પણ પરવા હોતી નથી. એમનું હૃદય અત્યંત કઠોર અને મલિન હોય છે. વિશ્વાસઘાતી સહુથી ઉચ્ચ કોટીનો પાપી એટલા માટે કહેવાય છે કે પ્રભુની સાથે પણ વિશ્વાસઘાત કરવાનું સાહસ ખેડે છે. અપ્રભુ માણસો તો અજ્ઞાન હોવાથી વિશ્વાસમાં ફસાઇ જઇને પોતાનો સર્વનાશ કરી બેસે છે એટલે તેમની સાથે તો વિશ્વાસઘાત થઇ શકે, પરંતુ પ્રભુ તો સર્વજ્ઞ છે તેમની સાથે વિશ્વાસઘાત કરનાર કેટલો કઠોર હૃદયનો અને શ્રદ્ધા વગરનો પાપાત્મા હોવો જોઇએ. વિશ્વાસઘાતી જાણે છે કે પ્રભુથી કાંઇપણ છાનું નથી છતાં પ્રભુની સાક્ષીએ અનેક પ્રકારની પ્રતિજ્ઞાઓ કરે છે (જેમકે–કોઇપણ જીવ નહી મારું, જૂઠું નહી બોલું, ચોરી નહી કરું, બ્રહ્મચર્ય પાળીશ, પરિગ્રહ નહી કરું વિગેરે વિગેરે પ્રતિજ્ઞાઓ હજારો માણસોની મેદની વચ્ચે) અને પછી તે કરેલી પ્રતિજ્ઞાઓને કિનારે મૂકીને પ્રભુની સાથે વિશ્વાસઘાત કરવાનું સાહસ ખેડીને પ્રભુનો ગુન્હેગાર બને છે. આ પ્રમાણે કૃતઘ્નીપણું, દ્રોહ અને વિશ્વાસઘાત સવથા ત્યાજ્ય છે, નિરપરાધી બનવાની ઇચ્છાવાળાએ તો ધર્મના પ્રતિ કૃતઘ્ની, દ્રોહી અને વિશ્વાસઘાતી ન બનવા નિરંતર અપ્રમાદી રહેવાની અત્યંત આવશ્યકતા છે. મહાપુરુષો તથા ધર્મના સાથે કરવામાં આવતા દ્રોહ આદિ જેટલા દુઃખદાયી અને અનંત સંસાર વધારી અનંતી માઠી ગતિઓની અસહ્ય પીડા આપનાર નિવડે છે, તેટલા સામાન્ય જનતા સાથે કરવામાં આવતા કૃતઘ્નતા આદિ તેટલા દુખદાયી નિવડતા નથી, માટે આત્મહિતૈષિઓએ કૃતઘ્નતા, દંભ તથા વિશ્વાસઘાત આદિ પાપના આશ્રયમાં એક ક્ષણ પણ ન રહેવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચારિત્રસેવનની દુષ્કરતા અને નારકયાતનના અસરકારક વર્ણનને સૂચવતું માતા-પિતાના સંવાદરૂપે

શ્રી મૃગાપુત્ર ચરિત્ર.

લે. મુનિશ્રી પુણ્યવિજયજી. [સંવિગ્નપાક્ષિક]

(ગતાંક પૃષ્ઠ ૯૪ થી શરૂ)

હે માતાપિતા ! પંખીઓને પકડનારા શ્યેનાદિક પક્ષીઓવડે તથા જાળવડે જ્યાં લાહી ચોપડી હોય ત્યાં પંખી બેસે તો ચોંટી જાય અને ત્યાંથી ઉખડી શકે નહીં એવી ક્રિયાવડે ચોંટી રહ્યો છું અને શીકારીઓની જાળવડે ગળામાં બંધાઇને અનેક વાર અનેક પ્રકારે હું મરાયો છું.

હે અમ્માતાય ! હું કુહાડા, ફરશી આદિ લાકડા સુધારવાના હથિયારોવડે પરમાધામીઓએ વિકુર્વેલા સુતારોને હાથે લાકડાની જેમ અનંતવાર કૂટાયો છું, ફડાયો છું, છેદાયો છું તથા છોલાયો છું.

હે માતાપિતા ! લુહાર જેમ લોઢાને કૂટે તેમ થપાટ, મુઠ્ઠી વિગેરેથી અનંતવાર પરમાધામી દેવોના હાથે હું તાડિત થયો છું, કૂટાયો છું, ભેદાયો છું તથા ચૂર્ણિત થયો છું.

હે માતાપિતા ! તપેલા તાંબા, લોઢાં, કથીર તથા સીસાના કળકળતા રસ એ પરમાધામીઓએ હું રાડો પાડતો રહું અને મને પાયાં છે.

હે માતાપિતા ! એ પરમાધામી દેવોએ " તને માંસ બહુ પ્રિય હતાં " એમ મને યાદ આપીને મારા પોતાના જ માંસ ભડથીને, શૂલે પરોવીને, કટકા કરી કરીને, ભુંજીને બળબળતા પરાણે ખવરાવ્યા છે.

હે માતાપિતા ! વળી એ પરમાધામી દેવોએ પૂર્વભવમાં " તને મદ્ય, તાડી, મધ ઘણાં જ પ્રિય હતા " એમ યાદ આપીને મારી પોતાની જ ચરબી, હાડકાના રસ તથા રુધિર ઉકાળીને ઊનાં છણછણતાં મને પીવરાવ્યાં છે.

હે માતાપિતા ! નિત્ય ભયભીત રહેતો, ત્રાસ પામતો, દુઃખી તથા વ્યથિત એવા મેં જેનું વર્ણન ન થઇ શકે એવી પરમ ઉત્કૃષ્ટ વેદનાઓ નરકમાં અનુભવી છે.

હે માતાપિતા ! એ નરકમાં તીવ્ર-ઉત્કટ કહી ન શકાય તેવી પ્રગાઢ-ઘણા સમય સુધી ચાલુ રહે તેવી ઘોર, સાંભળતાં જ હૃદયને ધ્રૂજાવે તેવી દુઃસહ, અત્યંત મનને ગભરાવી નાંખે તેવી ભયાનક-જેનું શ્રવણ કરતાં જ ચિત્ત કંપી ઊઠે એવી વેદનાઓ મેં અનુભવી છે.

હે તાત ! મનુષ્ય લોકને વિષે જેવા પ્રકારની શીત, ઉષ્ણ ઇત્યાદિક વેદનાઓ દીસે છે તે ટાઢ, તડકા વિગેરે કરતાં નરકને વિષે અનુભવાતી દુઃખવેદનાઓ અનંતગુણી હોય છે.

હે માતાપિતા ! મેં સર્વ ભવોને વિષે એટલે ત્રસ તથા સ્થાવર ભવોમાં પણ અશાતા, ટાઢ, તડકા, ક્ષુધા, તૃષા આદિ વેદના અનુભવી છે જેમાં કયાંય નિમેષમાત્ર-આંખના પલકારા જેટલો વખત પણ સાતા વેદના-સુખાનુભવરૂપ વેદના નથી, તો પછી દીક્ષામાં શું દુઃખ છે ? તમે મને સુખને લાયક કેમ કહ્યો-જાણ્યો ? મેં તો સદા ય દુઃખ જ અનુભવ્યું છે.

તે વાર પછી તેના માતાપિતા મૃગાપુત્રને કહે છે કે-હે પુત્ર ! તારી મરજી પ્રમાણે સુખેથી પ્રવ્રજ્યા ગ્રહણ કર. તને ખાસ કહેવાનું એ છે જે-સાધુધર્મમાં નિષ્પ્રતિકર્મતા-રોગોત્પત્તિ થાય તો કંઇ પણ દુઃખનું નિવારણ કરવાની મના એ અતિ દુઃખ છે (તાત્પર્ય એવું છે કે સાવદ્ય વૈદક ન કરાવાય.)

માતાપિતા પ્રત્યે તે મૃગાપુત્ર બોલ્યો કે-હે અમ્માતાય ! આ જે આપ બન્નેએ કહ્યું તે યથાર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્ય છે પરંતુ હે માતાપિતા ! જ્યારે અરણ્યમાં મૃગાદિ પશુઓ તથા પક્ષીઓ વ્યાધિથી પીડાતા હોય ત્યારે ત્યાં કોણ વૈદ્ય આવીને તેના રોગની ચિકિત્સા કરે છે ? કોઈ પણ કરતો નથી.

હે માતાપિતા ! અટવીને વિષે જેમ મૃગ એકલો વિચરે છે, તેમ હું સંયમવડે તથા તપોવડે ધર્મ આચરીશ-ધર્માચરણુ કરતો એકલો વિચરીશ.

હે માતાપિતા ! જ્યારે મહાઅરણ્યમાં મૃગને આંતક રોગ ઉત્પન્ન થાય છે ત્યારે વૃક્ષના મૂળમાં બેઠેલા એ મૃગને કોણ આવીને ચિકિત્સા કરે છે ? એની કોણ સેવા કરે છે ? તે રોગગ્રસ્ત મૃગને ઔષધ કોણ દે ? વળી તેને સુખ કોણ પૂછે ? એટલે હે મૃગ તને શાતા છે એમ કોણ પૂછે ? તથા તે મૃગને ખાવાને અન્ન તથા પીવાને પાણી લાવીને કોણ આપે છે ? કોઇ જ નહિ.

હે માતાપિતા ! જ્યારે તે મૃગ સુખી હોય છે એટલે સ્વભાવથી જ રોગમુક્ત હોય છે ત્યારે ઘાસ ચરવા જાય છે. ખાવા તથા પીવા અર્થે લીલા ખડવાળા પ્રદેશોમાં તથા સરોવરમાં જાય છે. તે સ્વસ્થ મૃગ લીલા પ્રદેશમાંથી મનગમતા ઘાસ ખાઇને એટલે પોતાના ભક્ષ્યનું બરોબર ભક્ષણ કરીને તથા તળાવ વિગરેમાંથી પાણી પીને પછી મૃગચર્યા-મૃગોને હરવાફરવાના સ્થાનોમાં જાય છે.

એ પ્રકારે હે માતાપિતા ! મૃગની પેઠે ક્રિયાનુષ્ઠાન કરવામાં ઉદ્યુક્ત રહેનારો ભિક્ષુ મૃગચર્યા આચરીને સ્વીકારીને ઊર્ધ્વ દિશા પ્રત્યે સંચરે છે તેવો કોઇ રોગ થાય તો પણ તેની ચિકિત્સા કરાવવાની આશા તરફ ઢળતો નથી. કેવો ભિક્ષુ ? મૃગની પેઠે અનેક સ્થાને સ્થિત થવાથી અનિયત સ્થાનોમાં વિહાર કરતો એટલે મૃગની પેઠે નવા નવા વનખંડમાં વિહાર કરે છે. તેવી રીતે હું પણ નાના પ્રકારના સ્થાનોમાં મૃગચર્યા (મૃગના જેવી ચર્યા) આચરીશ.

જેમ મૃગ એકલો-અસહાય હોઇને અનેકચારી થાય છે અર્થાત વિવિધ ખાનપાનનું ગ્રહણ કરવામાં તત્પર રહે છે તેમજ અનેક સ્થાનોમાં વાસ કરે છે તથા ધ્રુવગોચર-નિશ્ચયપૂર્વક ફરીને જ લબ્ધ છે આહાર જે એવો હોય છે એ જ પ્રમાણે-આ મૃગ દૃષ્ટાંતમાં કહેલા પ્રકારે મુનિ પણ ગોચરી-ભિક્ષાટનમાં પ્રવિષ્ટ થાય છે ત્યાં ક્યાંય અણગમતું તથા નિરસ કુત્સિત અન્ન મળે તો આ ખરાબ છે એમ અનાદર ન કરે તેમજ આહાર કે પાણી ન મળે તો કોઇ ગૃહસ્થ અથવા ગામ કે નગરને ખિંસે નહિ-મનમાં રોષ લાવી કોઇની અવગણના ન જ કરે.

જ્યારે મૃગાપુત્રે માબાપ પ્રત્યે કહ્યું કે-' હે માતાપિતા ! હું તો મૃગચર્યા આચરીશ અર્થાત્ આપની આગળ જેવી મૃગની ચર્યા વર્ણવી તેનો અંગીકાર કરી સાધુમાર્ગનું ગ્રહણ કરીશ. ' માતાપિતા બોલ્યા કે-હે પુત્ર ! જો એમજ તારો સંકલ્પ છે તો તને જેમ સુખ ઉપજે તેમ કર. અમારી આજ્ઞા છે. તે પછી માતાપિતાની અનુજ્ઞા પામીને મૃગાપુત્ર કુમારે ઉપાધી-સચિત્ત તથા અચિત્તરૂપ જે પરિગ્રહ હતો તેનો પરિત્યાગ કર્યો.

સર્વ પરિગ્રહને ત્યજીને વળી મૃગાપુત્ર કહે છે કે-હે માતા પિતા ! તમોએ મને સમ્યગ્ અનુજ્ઞા આપી તેથી હવે હું સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત કરાવે એવી મૃગચર્યા આચરીશ ત્યારે માબાપ બોલ્યા કે-હે પુત્ર ! તમને સુખ થાય ત્યાં જાઓ-દીક્ષા લ્યો.

એવી રીતે તે મૃગાપુત્રે માતાપિતાની અનુજ્ઞા મેળવીને તે જ સમયે બહુ પ્રકારના મમત્વને છેદી નાખ્યું. આ ઘર મારું, આ કુટુંબ મારું-આવા પ્રકારની મમત્વબુદ્ધિનો ત્યાગ કર્યો. કોની પેઠે ? મોટો નાગ જેમ કાંચળીને છોડે તેમ મૃગાપુત્રે સર્વ મમત્વને ત્યજ્યું.

ઋદ્ધિ, વિત્ત તથા મિત્ર, પુત્ર, સ્ત્રી અને જ્ઞાતિ આ સર્વેને વસ્ત્રને લાગેલ રજને જેમ ખંખેરી નાંખે તેમ નિર્ધૂત કરીને અર્થાત્ છોડી દઇને દઢ નિશ્ચયથી મૃગાપુત્ર ઘરની બહાર નીકળ્યા. આ સઘળાને ત્યજીને પ્રવ્રજિત થયા.

પંચ મહાવ્રતોથી યુક્ત તથા પાંચ સમિતિ સહિત અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઇ તેમ જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આભ્યંતર તથા બાહ્ય બંને પ્રકારનાં તપકાર્મોમાં તે મૃગાપુત્ર ઉદ્યુક્ત થયો-યત્નવાન્ બન્યો.

નિર્મમ-મમતાવર્જિત વસ્ત્રપાત્રાદિકમાં મમતા વિનાનો તેમજ નિરહંકાર તથા નિઃસંગ બાહ્ય તથા આભ્યંતર સંગવર્જિત અને ઋદ્ધિગારવ, રસગારવ તથા સાતાગારવ વગરનો સર્વ પ્રાણીમાત્ર-ત્રસ સ્થાવરને વિષે રાગદ્વેષ છોડી દીધેલ હોવાથી સમાન પરિણામવાળો થયો.

લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન-મરણ, નિંદા-પ્રશંસા, તથા માન-અપમાનમાં સમાન વૃત્તિવાળો થયો.

વળી તે મૃગાપુત્ર ગારવોથી, કષાયોથી, મન વચન ને કાયાના અસદ્વ્યાપારરૂપ ત્રિવિધદંડથી, માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય એ ત્રણ શલ્ય તથા ભયથી અને હાસ્ય અને શોકથી નિવૃત્ત થઇ નિયાણા વગરનો તેમ જ રાગદ્વેષાદિ બંધથી રહિત થયો.

તથા આ લોકને વિષે અનિશ્રિત-કોઇનો આશ્રય ન ઇચ્છનારો તેમ પરલોક-દેવલોકાદિ સુખમાં નિશ્રા વાંચ્છા વિનાનો તથા વાંસલો તથા ચંદન બેયમાં તુલ્ય બુદ્ધિવાળો અને અશનમાં તેમજ અનશનમાં એટલે આહાર કરવામાં તથા ઉપવાસ કરવામાં ઇત્યાદિકમાં સમાનચિત્તવાળો-સમભાવવાળો થયો.

તથા અપ્રશસ્તદ્વાર એટલે કર્મ ઉપાર્જન કરવાના ઉપાયોરૂપ હિંસાદિકથી નિવૃત્ત થયા અને તે અપ્રશસ્ત દ્વારોથી નિવૃત્ત થતાં જ સર્વતઃ ચારેકોરથી રોકાઇ ગયાં છે, પાપકર્મના દ્વાર જેના એવા થયા, તથા અધ્યાત્મ ધ્યાનયોગવડે પ્રશસ્ત દમ શાસન થયાં એટલે શુભ ઉપશમ તથા શ્રુતજ્ઞાન જેને પ્રાપ્ત છે એવા થયા.

એવી જ રીતે જ્ઞાનવડે, ચરણ-આચરણે કરી દર્શનવડે તથા તપોવડે કરી અને વિશુદ્ધ ભાવનાઓવડે આત્માને સમ્યક્ પ્રકારે ભાવિત કરી ઘણા વર્ષો સુધી શ્રામણ્ય-સાધુધર્મ પાળીને એક માસના અનશન વ્રતવડે તે મૃગાપુત્રમુનિ અનુત્તર-સર્વોત્કૃષ્ટ સિદ્ધિને પામ્યા-મોક્ષે ગયા.

જેવી રીતે આ મૃગાપુત્રઋષિ ભોગથી નિવૃત્ત થઇ ચારિત્રવાન્ થયા તેવી રીતે સંબુદ્ધ-જ્ઞાનતત્ત્વ તથા વિવેક બુદ્ધિમાન વિચક્ષણ પુરુષોએ ભોગોથી નિવૃત્ત થવું જોઇએ.

હે ભવ્યજીવો ! મોટા પ્રભાવવાળા દુષ્કર પ્રતિજ્ઞાઓનું પાલન કરવાથી મહિમાયુક્ત તથા મહાયશવાળા મૃગારાણીના પુત્રનું ઉત્તમ ચારિત્ર તેમજ મૃગાપુત્રનું ભાષિત-સંસારની અનિત્યતા દર્શાવનારા માતાપિતા સાથેના સંવાદરૂપ વચનો સાંભળીને-હૃદયમાં ધરીને તેમજ તપઃપ્રધાન ઉત્તમ ચરિત અને ત્રણલોક વિદિત એવી મોક્ષ જેવી પ્રધાનગતિ સાંભળીને તથા ધન દુઃખને વધારનારું છે તથા મમત્વ બંધ-જગતમાં મમતાનું બંધન મોટા ભયને લાવી આપનાર છે એમ જાણીને મોક્ષના હેતુભૂત ગુણો-જ્ઞાનદર્શનચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિ કરાવે એવી મોટી સુખ આપનાર સર્વોત્કૃષ્ટ ધર્મરૂપી ધુરાને ધારણ કરો એમ હું બોલું છું. એ પ્રમાણે ચાર જ્ઞાનના ધણી ભગવાન્ સુધર્માસ્વામી પોતાના શિષ્ય શ્રી જંબૂસ્વામી પ્રત્યે કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહકઃ-મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

વિદ્યાર્થીઓને હિતસંદેશ.

વિદ્યાર્થી બન્ધુઓ,

(૧) તમે તમારા નિત્યના પાઠ નિયમિતપણે તૈયાર કરશો અને અવકાશના સમયમાં અન્ય ઉત્તમ પુસ્તકો વાંચવાનો અભ્યાસ પાડશો, તો તમારા સમયનો સદુપયોગ થવાની સાથે તમારા શિક્ષકોનો તથા સ્નેહીઓનો પણ બહુ સારો પ્રેમ મેળવી શકશો.

(૨) વિદ્યાર્થીઓને માટે જે વાત હાનિકારક તથા વિદ્યોન્નત્તિમાં કંટકરૂપ લેખાતી હોય તેનાથી નિરંતર દૂર રહેવાનો પ્રયત્ન કરજો. નિષ્ફળ વાતચિતમાં તથા ગપાટાઓ હાંકવામાં અને તેવી જ બીજી જાતની કુથલીમાં તમે તમારા જીવનનો અમૂલ્ય અવસર જવા દેશો નહીં.

(૩) તમારી સાથે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ સાથે મિત્રાચારી રાખવી એમાં કાંઈ ખોટું નથી પણ મિત્રોની હદ ઉપરાંતની સંખ્યા તમારા અભ્યાસમાં નડતરરૂપ ન થાય તેની સંપૂર્ણ કાળજી રાખશો.

(૪) ઘણાં મિત્રોની જંજાળમાં પડવાથી ઘણીવાર વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસનું લક્ષ્યબિન્દુ ભૂલી જાય છે તેમ તમારા સંબંધે ન બને એની સાવચેતી રાખવી.

(૫) તમને કોઈ મળવા આવે તથા રસ્તામાં કોઈ મિત્ર મળી જાય તો તેની સાથે વિવેકપૂર્વક વાતચીત કરવી એ તમારું મુખ્ય કર્ત્તવ્ય છે પણ બનતાં સુધી અભ્યાસ કિંવા વિદ્યાવૃદ્ધિ સિવાયની બીજી વાતની નિરર્થક ચર્ચા કરી નિષ્ફળ સમય વિતાવશો નહીં તેમજ કોઈ મિત્રને ત્યાં વારંવાર જઇને તેનો અમૂલ્ય સમય નષ્ટ કરશો નહિ.

(૬) તમારો વિદ્યાર્થી જીવનનો સમય બહુ અમૂલ્ય છે. તમારા જીવનની પ્રત્યેક ક્ષણ એટલી બધી ઉપયોગી છે કે તે ક્ષણને કાંઈ પણ જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના જેમની તેમ જવા દેશો નહીં. પ્રમાદવશ કે એવા જ બીજા કોઈ કારણથી જો તમારો સમય નિષ્ફળ વ્યતીત થઈ ગયો હોય તો તે માટે પશ્ચાત્તાપ કરી ભવિષ્યમાં સાવચેત રહેવાની પ્રતિજ્ઞા કરજો.

(૭) તમે તમારા વર્ગમાં પરિશ્રમી વિદ્યાર્થી તરીકે પંકાઓ અને તમારા અધ્યાપકો તથા તમારા સહાધ્યાયીઓ તમને પરિશ્રમી વિદ્યાર્થી તરીકે માન આપે તે માટે તમારે તમારા નિત્યના અભ્યાસપાઠ બહુ સારી રીતે તૈયાર કરવા જોઇએ. જે વિદ્યાર્થીઓ બહુ પરિશ્રમ કરે છે અને સર્વદા સ્ફુર્તિવંત રહે છે તેઓ પાઠશાળામાં ઘણી સારી કીર્ત્તિ પ્રાપ્ત કરી શકે છે. પરિશ્રમી વિદ્યાર્થી અન્ય આળસુ અને સુસ્ત વિદ્યાર્થીઓ કરતાં બહુ જ અલ્પ સમયમાં બહુ જ સારી રીતે આગળ વધી શકે છે. શિક્ષકો પણ એવા પરિશ્રમી વિદ્યાર્થી પ્રત્યે બહુ સંતુષ્ટ રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૮) શ્રમનું બીજું પણ એક બહુ સુંદર પરિણામ આવે છે અને તે એ છે કે શ્રમ કરનાર વિદ્યાર્થીનું ચિત્ત હંમેશાં પ્રસન્ન તથા ઉત્સાહમય રહે છે. પરિશ્રમી વિદ્યાર્થીને જ્યારે તેના અધ્યાપક તરફથી શાબાશી મળે છે ત્યારે જ તેને અપૂર્વ આનંદ ઉપજે છે.

(૯) વિદ્યાર્થીને અપરિમિત આનંદ થવાની સાથે ભવિષ્યમાં વધારે ઉત્સાહ અને ઉમંગ-પૂર્વક અભ્યાસ કરવાની ગુપ્ત પ્રેરણા તેના અંતઃકરણમાં થાય છે. આવો ઉત્સાહ અને આવી સુંદર આશાઓથી વિદ્યાર્થીનું જીવન બહુ જ ઉચ્ચ કોટીનું તથા અનુકરણીય બની જાય છે. જેઓ પોતાના જીવનને અનુકરણીય તથા દાર્ષ્ટાંતિક બનાવવા ઇચ્છતા હોય તેમણે સંપૂર્ણ ઉમંગ, ઉત્સાહ તથા ઉદ્યમપૂર્વક સતત અભ્યાસ ચાલુ રાખવો જોઇએ.

(૧૦) વર્તમાન સ્થિતિ દુઃખમય અને અસહ્ય જણાતી હોય તો તમે તમારી બુદ્ધિનો આશ્રય લ્યો અને વિચાર કરી જુઓ કે આ કંટાળાનું પરિણામ કેવું આવશે ? જો વિદ્યાર્થી તરીકે તમને પ્રાપ્ત થયેલી પરિસ્થિતિનો તમે સદુપયોગ નહીં કરી શકો અને આવા નજીવા કષ્ટને સહવાનું બળ નહીં દાખવી શકો તો તમારા માટે ભવિષ્યમાં ઉન્નતિના સર્વ માર્ગો બંધ જ રહી જશે, એ વાત નિશ્ચયપૂર્વક સમજી લેજો. થોડા વખતના શ્રમથી આખું જીવન જો કયારેય પણ સુખ-મય થઈ શકતું હોય તો તે આ વિદ્યાર્થી અવસ્થા જ છે.

(૧૧) ભવિષ્યમાં સુખ પ્રાપ્ત કરવાની જો તમને લેશપણ આંતરિક કામના હોય તો તમારે એકાગ્ર ચિત્તથી વિદ્યા પ્રાપ્ત કરવાનો ભગી-રથ પ્રયત્ન કરવો જોઇએ. વિદ્યાર્થી એ જ મિત્ર-" **વિદ્યા એ જ બન્ધુ** ", વિદ્યા એ જ કલ્યાણકારી અને વિદ્યા એ જ તમારી આસાએશ છે, એમ ખરા હૃદયથી માનવા લાગશે, ત્યારે જ તમે ઉત્તમ પ્રકારના સુખના ભોક્તા બનાવવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકશો.

(૧૨) તમારા સદ્ભાગ્યને લીધે આ અવસ્થા-માં તમારા શિરે કોઈ જાતનો વ્યવહારિક બોજો નથી આવી પડયો તે માટે પરમાત્માની સ્તુતિ કરો અને વિદ્યાના અધ્યયનમાં તલ્લી-નપણે ચિત્તને યોજી દ્યો. સુખ, શાંતિ, કીર્તિ તથા પરમાનંદને માટે જો તમે આશા રાખતા હો તો સમજજો કે વિદ્યા વિના સુખશાંતિનો એક નજીવો અંશ પ્રાપ્ત કરવો એ પણ અસંભવિત છે. તમારા પૂર્વના પુણ્યબળે તમને તમામ પ્રકારની સગવડતા મળી ગઈ છે. તે માટે સર્વદા પરમ શાંતિ અને ઉત્સાહથી ઉદ્યમ કરો અને કરતા રહો તો કોઇ રીતે કદાપિ નિરાશ બનવા નહિ પામો.

(૧૩) જે વિદ્યાર્થી પોતાની મહેનત અને બુદ્ધિની સર્વદા સર્વના સમક્ષ બડાઇ હાંકયા કરે છે, તે વિદ્યાર્થી કમનશીબે જો **નાપાસ** થાય છે તો તેનાં અંતઃકરણમા ભયંકર અગ્નિ સળગાવી દે છે, તો બડાઈ મારવી નહિ. ભાગ્યમાં હશે તે જ પ્રમાણે પાસ નાપાસનું પરિણામ બહાર આવશે.

(૧૪) "**વિદ્યાર્થીઓ**" જ્યારે નવરા પડે છે ત્યારે ઘણું કરીને તેમને એવા વિચારો આવવા લાગે છે કે " **ભવિષ્યમાં મારું શું થશે ?** " આવા વિચારો સ્વાભાવિક રીતે દરેકને આવવા જોઇએ અને આવે છે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં:-પંન્યાસશ્રી સમુદ્રવિજયજી મહારાજ.

ઉપદેશક પુષ્પો.

(ગતાંક પૃષ્ઠ ૮૭ થી શરૂ)

“ જેમ ગુણોમાં વિનય તેમ પુરુષાર્થોમાં ધર્મ વખણાય છે. જેમ જીવ વિના શરીર નકામું છે તેમ ધર્મ વિના પુરુષ વ્યર્થ છે. સર્વ સાધન સહિત છતાં ધર્મ વિના મનુષ્ય-ભવ વખણાય નહી. મંદિર ભલે મનોહર હોય પણ તેમાં દેવ ન હોય તો તેને સજ્જનો નમતા નથી. જે અલ્પ ચિંતવેલ સુખને બદલે અણધાર્યા–અગણિત સુખને આપે છે તે ધર્મરૂપ ચિંતામણિ આપણા મનને ચમત્કાર ઉપજાવે છે. હે સજ્જનો ! જો તમે સંસારરૂપ ગ્રીષ્મઋતુના દુઃખ તરંગરૂપ ગરમીથી સંતપ્ત થયા હો તો ધર્મસુધામાં સ્નાન કરો.”

卐 卐 卐

“જે ગૃહસ્થ પરદારાનો પરિહાર (ત્યાગ) કરે છે તેણે મુક્તિવધૂની લીલારૂપ શીલ-(સચ્ચારિત્ર)ને ઉજ્જવલ કર્યું, જે સ્વદારાસંતોષી, વિષયમાં આસક્ત નથી, તે ગૃહસ્થ છતાં પોતાના શીલથી યતિ સમાન છે. જગતને પ્રીતિ ઉપજાવનાર બધા અલંકારોમાં એક શીલ ભૂષણ વખણાય છે, કે જેનાથી ભૂષિત થતાં આ જીવ મુક્તિને પ્રિય થઇ પડે છે.”

卐 卐 卐

“સત્કર્મના અભ્યુદયમાં કારણરૂપ શીલનું સજ્જનોએ સદા સેવન કરવું તથા દુષ્કર્મનો નાશ કરનાર તેમજ સત્કર્મનો સંચય કરાવનાર એવું તપ પણ જરૂર સેવનીય છે. અનાદિ સિદ્ધ દુષ્કર્મરૂપ શત્રુઓનો નાશ કરનાર તથા તરવારની ધારા સમાન આ તપને ધીર જનો જ આદરી શકે છે. અજ્ઞાન (તિમિર)ને શાંત કરી સૂર્ય સમાન તપ સજ્જનોને જ્ઞાનદૃષ્ટિમાં નિર્મલતા અને તત્ત્વાતત્ત્વની સમજ આપે છે.કર્મરૂપ કાષ્ઠને બાળનાર આ તપરૂપ પુષ્ટ અગ્નિ તો ખરેખર નવીન જ છે કે જે સંસાર સંબંધી પ્રાણીઓનો દાહ હરી લે છે, માટે હે દક્ષજનો ! દુષ્કર્મોને ધોવામાં જળ સમાન તે તપને આદરો. ”

ખરા. સૌ કોઈ પોતપોતાની સ્થિતિ અને ભાવના પ્રમાણે આ વિચારનો નિર્ણય કરે છે, તો વિચારબળ કેળવજો, નિર્બળ વિચારો કેળવશો નહિ. ચિંતા તમારી પાસે આવવા દેશો નહિ.

(૧૫) વિદ્યારૂપી સમુદ્રમાં જ્યાં સુધી ઉચ્ચ પ્રકારનાં મોતી હાથ ન આવે ત્યાં સુધી સતત મહેનત કર્યા કરવી, એ તમારું મુખ્ય કર્તવ્ય હોવું જોઇએ અને “ **વિદ્યાર્થીઓને હિત સંદેશો** ” ઉપર લખ્યા પ્રમાણે પાઠવ્યો છે તો તે અમલમાં મૂકશો. વિદ્યા–ધન સંપાદન પ્રાપ્ત કરશો તો ભવિષ્યમાં આગળ વધી શકાશે. ગુરુનું અને શિક્ષકનું અને માતપિતાનું બહુમાન ધરાવશો તો વિદ્યારૂપી ધન ઊગી નીકળશે અને આગળ ધપશો, સુખરૂપ નિવડશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"અહો ! આ નરજન્મમાં તને શું માત્ર દુઃખ છે? આ જીવો અનંતા દુઃખ કેમ સહન કરે છે તે સાંભળ. વિષયકષાય અને જીવહિંસાદિકમાં આસક્ત થયેલ જીવ તેવાં દુષ્કર્મ ઉપાર્જન કરે છે કે જેને લીધે ભવાંતરમાં તે છેદનભેદન, તપ્ત સીસાનું પાન તથા અસિપત્રજન્ય ક્ષેત્રસંબંધી મહાદુઃખોથી નરકમાં પીડાય છે. જલચર, સ્થલચર અને ખેચરરૂપ તિર્યંચનો ભવ પામતાં પણ આ આત્મા ઓષ્ણ, શીત, અગ્નિ અને પવનથી અત્યંત વ્યથા પામે છે. મનુષ્ય ભવમાં પણ મહારોગ, દરિદ્રતા, દાસપણું તથા વિયોગ સંબંધી નાટક સમાન દુઃખોથી જીવ બહુ સંતાપ પામે છે; તેમજ દેવપણામાં કિલ્બિષ, કિંકર અને અલ્પ ઋદ્ધિપણાથી ક્રોધાયમાન થયેલ ઇંદ્રના વજ્રથી તથા યુદ્ધ, ઇર્ષ્યા અને ચ્યવનથી જીવ સુખ પામતો નથી. એ રીતે કર્મનો વિપાક જીવોને આ ભવસંસારમાં સતાવે છે. એનું ફળ તો સાક્ષાત્ દેખાય છે પણ લોકો તેનું સ્વરૂપ સમજી શકતા નથી. ધ્યાન અને યોગનું માહાત્મ્ય, પરમાત્માનું સામર્થ્ય અને કર્મોનો વિપાક સર્વજ્ઞ વિના કોઈ જાણતું નથી. એ કર્મવિપાકને શુભરૂપે બનાવવાને શિવસુખના કારણરૂપ એક સદ્ધર્મ જ સમર્થ છે. એ ધર્મની સહાય વિના કર્મરૂપ શત્રુ જીવને તે દુઃખોમાં પાડી દે છે, જે દુઃખો આગળ તારું દુઃખ લેશ માત્ર છે; પરંતુ એ મૂઢ જીવો તેવું કંઈ આચરતા નથી કે જેથી તે દુઃખરૂપ વૃક્ષોનું દુષ્કર્મરૂપ બીજ જ ખલાસ થઈ જાય."

卐 卐 卐

"જેમ નય (ન્યાય) આ લોક સંબંધી લક્ષ્મીને વધારે છે તેમ જિનોક્ત ધર્મ પરલોક સંબંધી લક્ષ્મીને પુષ્ટ બનાવે છે. રાજાએ સેવકોનો મનોરથ ધર્મની પેઠે પૂરો કરવો, પરંતુ પાપથી વ્યસનોદય થાય તેમ ન કરવું. કલ્પવૃક્ષ માગીએ તે તરત આપે, ધર્મ ન માગેલ પણ લાંબા વખતે આપે; પરંતુ એક રાજા જ માગ્યા વગર સેવકોને તરત આપે છે. લક્ષ્મીમાં આસક્તિ અને સ્ત્રીમાં વિશ્વાસ ન કરવો, કારણ કે લક્ષ્મી જીવતાં બહુ સંકટ આપે અને સ્ત્રી મુઆ પછી નરક આપે. ધર્મમૂલ કીર્તિને માટે સદા ઉદ્યમ રાખવો, નહિ તો જમીનના ઊંચા ટેકરા પર રહેલ તૃણની જેમ અન્ય કીર્તિ તો તરત નાશ પામે છે. પુરુષોનું રૂપ તે રૂપ નથી પણ જગતના આનંદને માટે દાન એ તેમનું રૂપ છે. વરસે તે શ્યામમેઘ પણ સારો અને ન વરસે તે વિશદ (નિર્મલ) પણ સારો નહિ. દક્ષજનોએ નગરમાં વ્યસની વસતો હોય તો તેનો ઉદ્ધાર કરવો. વ્યસન તે પાપનું મૂળ છે અને પાપ તે દુઃખનું મૂલ છે. ધર્મનું મૂળ અવ્યસન છે અને સર્વ સુખલક્ષ્મીનું મૂળ તે ધર્મ છે. અગ્નિમાં શીતલતાની જેમ મૂઢજનો વ્યસનમાં સુખ ઇચ્છે છે, માટે સર્વ વ્યસનોથી રહિત તથા સુકૃતો સહિત એવા પુરુષોમાં પ્રીતિ રાખવી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચક્રવર્તી ચતુર્દશ દ્વારવર્ણન.

સંગ્રાહક: V.

૧. ભરતચક્રી. ૨. વનિતામાં ઉપના, ૩. ઋષભદેવજી પિતા, ૪. સુમંગલા માતા, ૫. ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય, ૬. પાંચસે ધનુષ્યનું દેહમાન, ૭. સત્તોતેર લાખ પૂર્વલગે કુંવરપણે રહ્યા, ૮. એક હજારવર્ષ લગે મંડલિકપણે રહ્યા, ૯. સાઠ હજાર વર્ષ લગે દેશસાધના કરી, ૧૦. એક હજાર વર્ષ ન્યૂન ૭ લાખ પૂર્વલગે ચક્રવર્તી પદવી ભોગવી, ૧૧. સુભદ્રારાણી સ્ત્રીરત્ન, ૧૨. આરિસાભુવનમાં કેવળ પામ્યા પછી એક લાખ પૂર્વ પ્રવ્રજ્યા પાળી, ૧૩. મુક્તે ગયા, ૧૪ ઋષભદેવજીના વારામાં થયા.

૨. સગરચક્રી. ૨. અયોધ્યા નગરીમાં ઉપના, ૩. સુમિત્ર રાજા પિતા, ૪. યશોમતી માતા, ૫. બહોંતેર લાખ પૂર્વનું આયુષ્ય, ૬. સાડાચારસે ધનુષ્યનું દેહમાન, ૭. પચાસ હજાર પૂર્વ સુધી કુંવરપણે રહ્યા, ૮. પચાસ હજાર પૂર્વસુધી મંડલિકપણે રહ્યા, ૯. ત્રીસ હજાર વર્ષલગે દેશસાધના કરી, ૧૦ *સીત્તેર લાખ પૂર્વલગે ચક્રીપદ, ૧૧. ભદ્રા સ્ત્રીરત્ન, ૧૨. એક લાખ પૂર્વ દીક્ષા પાળી ૧૩. મુક્તે ગયા. ૧૪. અજિતનાથના વારામાં થયા.

૩. મઘવાચક્રી. ૨. સાવત્થિનગરી, ૩. સમુદ્રવિજય રાજા પિતા, ૪. ભદ્રામાતા. ૫. પાંચ લાખ વર્ષ આયુષ્ય, ૬. ૪૨॥ ધનુષ્યનું દેહમાન, ૭. પચાસ હજાર વર્ષ કુંવરપણે રહ્યા, ૮. પચીસ હજાર વર્ષ મંડલિકપણે રહ્યા, ૯. વીશ હજાર વર્ષ લગે દેશસાધના, ૧૦. ત્રણ લાખ ને એંસી હજાર વર્ષ રાજ્ય, ૧૧. સુનંદા સ્ત્રીરત્ન, ૧૨. પચાસ હજાર વર્ષ દીક્ષા પાળી, ૧૩. ત્રીજે દેવલોકે ગયા, ૧૪. ધર્મનાથના તીર્થમાં થયા.

૪. સનત્કુમારચક્રી. ૨. હસ્તિનાપુર નગર, ૩. અશ્વસેન રાજા પિતા, ૪. સહદેવી માતા, ૫. ત્રણ લાખ વર્ષનું આયુષ્ય, ૬. ૪૧॥ ધનુષ્યનું દેહમાન, ૭. પચાસ હજાર વર્ષ કુંવરપણે રહ્યા, ૮. પચાસ હજાર વર્ષ મંડલિકપણે રહ્યા, ૯. એક હજાર વર્ષ દેશસાધના, ૧૦. નવાણું હજાર વર્ષ લગે રાજ્ય, ૧૧. જયા સ્ત્રીરત્ન, ૧૨. એક લાખ વર્ષ લગે દીક્ષા પાળી, ૧૩. ત્રીજે દેવલોકે ગયા, ૧૪. ધર્મનાથના તીર્થમાં થયા.

૫. શાંતિનાથચક્રી. ૨. હસ્તિનાપુર નગર, ૩. વિશ્વસેન રાજા પિતા, ૪. અચિરા માતા, ૫. એક લાખ વર્ષનું આયુષ્ય, ૬. ચાલીશ ધનુષ્યનું દેહમાન, ૭. પચીસ હજાર વર્ષ કુંવરપણે રહ્યા, ૮. પચીસ હજાર વર્ષ મંડલિકપણે રહ્યા, ૯. આઠસેં વર્ષ દેશસાધના, ૧૦. ચોવીશ હજાર બસેં વર્ષ રાજ્ય, ૧૧. વિજયા સ્ત્રીરત્ન, ૧૨. પચીસ હજાર વર્ષ દીક્ષા પાળી, ૧૩. મુક્તે ગયા, ૧૪. સ્વયં તીર્થંકર થયા.

૬. કુંથુચક્રી. ૨. હસ્તિનાપુર નગર, ૩. સુરસેન રાજા પિતા, ૪. શ્રીદેવી માતા. ૫. પંચાણુ હજાર વર્ષનું આયુષ્ય, ૬. પાંત્રીશ ધનુષ્યનું દેહમાન, ૭. પોણી ચોવીશ હજાર વર્ષ કુંવરપણે રહ્યા ૮. પોણી ચોવીશ હજાર વર્ષ મંડલિકપણે રહ્યા, ૯. છસો વર્ષ દેશસાધના, ૧૦. ત્રેવીશ હજાર ને દોઢસો વર્ષ

* સગરચક્રીનો રાજ્યકાલ વિચારણીય છે. કારણ ? અજિતનાથ પ્રભુના તેઓ કાકાઇ ભાઇ થાય છે. અજિતનાથ પ્રભુ દીક્ષા લીધા બાદ તેઓ રાજ્યે બેઠા છે અને પ્રભુ પાસે દીક્ષા લીધી છે, માટે રાજ્યકાલ બહુ અલ્પ ઘટી શકે. ગૃહવાસમાં ૭૧ લાખ પૂર્વ રહેલ છે એમ સમવાયાંગમાં છે પણ કુંવરપણે બહુકાળ જણાય છે માટે વિદ્વાનોએ વિચારવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજ્ય, ૧૧. કૃષ્ણશ્રી સ્ત્રીરત્ન, ૧૨. પોણી ચોવીશ હજાર વર્ષ દીક્ષા પાળી, ૧૩. મુક્તે ગયા, ૧૪ સ્વયં તીર્થંકર થયા.

૭. અરચક્રી ૨. હસ્તિનાપુર નગર, ૩. સુદર્શન રાજા પિતા, ૪. દેવી માતા, ૫. ચોર્યાશી હજાર વર્ષનું આયુષ્ય, ૬. ત્રીશ ધનુષ્યનું દેહમાન, ૭ એકવીશ હજાર વર્ષ કુંવરપણે રહ્યા, ૮. એકવીશ હજાર વર્ષ મંડલિકપણે રહ્યા. ૯. પાંચસેં વર્ષ દેશસાધના, ૧૦. સાડીવીશ હજાર વર્ષ રાજ્ય, ૧૧. સુરશ્રી સ્ત્રીરત્ન, ૧૨. એકવીશ હજાર વર્ષ દીક્ષા પાળી, ૧૩. મુકતે ગયા, ૧૪. સ્વયં તીર્થંકર થયા.

૮. સુભૂમચક્રી. ૨. વાણારસી નગરી, ૩. કીર્તિવીર્ય રાજા પિતા, ૪. તારા રાણી માતા, ૫ સાઠ હજાર વર્ષનું આયુષ્ય, ૬. અઠાવીશ ધનુષ્યનું દેહમાન, ૭. પાંચ હજાર વર્ષ કુંવર, ૮. પાંચ હજાર વર્ષ મંડલિક, ૯. ચારસે વરસ દેશસાધના. ૧૦. ઓગણપચાસ હજાર ને છસો વર્ષ રાજ્ય, ૧૧. પદ્મશ્રી રાણી સ્ત્રીરત્ન, ૧૨. દીક્ષા ન લીધી, ૧૩. સાતમી નરકે ગયા, ૧૪. શ્રી અરનાથના તીર્થમાં ગયા.

૯. મહાપદ્મચક્રી. ૨. હસ્તિનાપુર, ૩. પદ્મરથ રાજા પિતા, ૪. જ્વાલા માતા, ૫. ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય, ૬. વીશ ધનુષ્યનું દેહમાન, ૭. પાંચ હજાર વર્ષ કુંવર, ૮. પાંચ હજાર વર્ષ મંડલિક, ૯. ત્રણસેં વર્ષ દેશસાધના, ૧૦. અઢાર હજાર સાતસે વર્ષ રાજ્ય, ૧૧. વસુંધરા સ્ત્રીરત્ન, ૧૨. એક હજાર વર્ષ દીક્ષા, ૧૩. મુક્તે ગયા, ૧૪. મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં ગયા.

૧૦. હરિષેણચક્રી. ૨. કંપિલપુરનગર, ૩. મહાહરી રાજા પિતા, ૪. મેરાદેવી માતા, ૫. દશ હજાર વર્ષનું આયુષ્ય, ૬. પંદર ધનુષ્યનું દેહમાન, ૭ સવા ત્રણસે વર્ષ કુંવર, ૮. સવા ત્રણસે વર્ષ મંડલિક, ૯ દોઢસો વર્ષ દેશસાધના, ૧૦. એક હજાર આઠસે સીત્તેર વર્ષ રાજ્ય, ૧૧. દેવીરાણી સ્ત્રીરત્ન, ૧૨. સાત હજાર ત્રણસે ત્રીશ વર્ષ દીક્ષા, ૧૩. મુક્તે ગયા, ૧૪. નમિનાથના તીર્થમાં થયા.

૧૧. જયચક્રી, ૨. રાજગૃહીનગરી, ૩. સમુદ્રવિજય રાજા પિતા, ૪. વિપ્રા માતા, ૫. ત્રણ હજાર વર્ષનું આયુષ્ય, ૬. બાર ધનુષ્યનું દેહમાન, ૭. ત્રણસો વર્ષ કુંવર, ૮. ત્રણસો વર્ષ મંડલિક, ૯. એકસો વર્ષ દેશસાધના, ૧૦. એક હજાર નવસો વર્ષ રાજ્ય, ૧૧. લક્ષ્મણા સ્ત્રીરત્ન, ૧૨. ચારસો વર્ષ દીક્ષા, ૧૩. મુક્તે ગયા, ૧૪. નમિનાથના તીર્થમાં થયા.

૧૨. બ્રહ્મદત્તચક્રી. ૨. કંપીલપુરનગર, ૩. બ્રહ્મરાજા પિતા, ૪. ચુલણી માતા, ૫. સાતસો વર્ષનું આયુષ્ય, ૬. સાત ધનુષ્યનું દેહમાન, ૭. અઠાવીશ વર્ષ કુંવર, ૮. છપ્પન વર્ષ મંડલિક, ૯. સોળ વર્ષ દેશસાધના, ૧૦. છસો વર્ષ રાજ્ય, ૧૧. કુર્મતી સ્ત્રીરત્ન, ૧૨. દીક્ષા ન લીધી, ૧૩. સાતમી નરકે ગયા, ૧૪. નેમિનાથ ને પાર્શ્વનાથના આંતરામાં થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરપણું તે આતમઠાણે.

લેખક:-ચોકસી.

યોગીરાજ આનંદઘનકૃત ચોવીશી (બાવીશી) અને એમાં સમાવેલ અધ્યાત્મ વિષયિક અપૂર્વ સામગ્રીનો વિચાર કરતાં આજે આપણે પ્રાંત ભાગે આવી ચૂકયા. ચરમ જિનપતિ શ્રી વર્ધમાનપ્રભુના સ્તવન સંબંધી ઊહાપોહ સાથે આ લેખમાળાનો અંત આવે છે. ચોવીશમા તીર્થંકર 'શ્રી મહાવીર' તરીકે સવિશેષ પ્રસિદ્ધિને પામ્યા છે. વિશ્વમાં સવિશેષ કીર્તિ મહાવીર યાને પરાક્રમીઓની જ ગવાય છે. તેઓશ્રીના સ્તવનમાંથી આપણે પણ 'વીરપણું' જ માગીએ છીએ. વીરતા વિનાના જીવનની કંઇ જ કિંમત નથી. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી પરમાત્મા શ્રીવીર પ્રભુ સંબંધી લખતાં કહે છે કે–

विदारयति यः कर्म, तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च, तस्मात् वीर इति स्मृतः ॥

અર્થાત્ કર્મોનું વિદારણ–હણન–કરવામાં જે બળવાન છે અને દેહનું દમન કરી તપસાધનામાં જે અજોડ છે એવા અર્થાત્ 'તપ ને વીર્ય' રૂપ બેલડીવાળા બળવાન સંત તે જ સાચા શૂરવીર અને તે જ આપણા 'વીર'.

વીર પરમાત્મા પાસે આત્મા કેવા પ્રકારની માગણી કરે છે? સ્તવનના શ્રી ગણેશાય નમઃ કરતાં જ રચયિતા એ વાત જણાવે છે.

વીર જિનેશ્વર ચરણે લાગું,
વીરપણું તે માગું રે.

વીરપણું તો ખરું પણ એ કેવા પ્રકારનું એ પ્રશ્ન સહજ જ છે. અહીં ક્ષાયિક વીર્યપણાની વાત છે કેમકે એ જાતનો વીર્યોલ્લાસ થયા વગર મિથ્યાત્વ અને મૂઢતારૂપ અંધકાર દૂર થતાં જ નથી. છદ્મસ્થ વીરતા ઘણીયે વાર પ્રાપ્ત કરી એથી સંસારભ્રમણ ચાલુ રહેવા સિવાય અન્ય કંઈ લાભ થયો નથી, એ વાત બીજી ગાથામાં દર્શાવી કમ્મપયડી ગ્રંથમાં વર્ણવેલા અસંખ્ય પ્રદેશ ને અસંખ્યાતા યોગની વાત ત્રીજી ગાથામાં બતાવી. મુદ્દાની વાત કહે છે અને તે એ જ કે જ્યાં અનંતવીર્ય હોય ત્યાં કર્મ ન લાગે. આત્માના આઠ રુચકપ્રદેશમાં કર્મગ્રહણરૂપ ક્રિયા નથી અર્થાત્ જ્યાં યોગની નિશ્ચળતા છે ત્યાં આત્મશક્તિને કોઇ કર્મ રુંધી શકે નહીં એ વાત ચોથી ગાથામાં ટૂંકામાં કહેલી છે જે હૃદયમાં કોતરી રાખવા જેવી છે.

ઉત્કૃષ્ટે વીર્યને વેસે,
યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગતણી ધ્રુવતાને લેસે,
આતમ શક્તિ ન ખેસે રે.

પાંચમી ગાથામાં ભોગી પુરુષનું દૃષ્ટાંત આપી મુદ્દો સ્પષ્ટ કર્યો છે અને છઠ્ઠી ગાથામાં પુરવાર કર્યું છે કે જે વીરપણાની માગણી કરવા આત્મા તત્પર થયો છે, એ કંઇ બહાર શોધવા જવાપણું નથી. મૃગની દુંટીમાં કસ્તૂરી હોવા છતાં મૂઢ એવું હરણ એ સારુ અરણ્યમાં કૂદકા મારે છે તેમ મોહનિદ્રામાં પડેલ જીવડો પણ ચેષ્ટા કરી રહેલ છે. વીર પ્રભુના સામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક વાર બરાબર મીંટ માંડી, તેઓશ્રીએ ગ્રહણ કરેલ માર્ગ યથાર્થ રીતે વિચારે તો બેડોપાર થયા વગર રહે જ નહિં એ માટે સ્તવનકારના શબ્દો આ રહ્યા—

વીરપણું ને આતમ ઠાણે,
જાણ્યું તુમસી વાણે રે;
ધ્યાન વિનાણે શકિત પ્રમાણે,
નિજ ધ્રુવપદ પરિમાણે રે.

આમ ચરમ જિનના સ્તવનમાં ઉપરની છઠ્ઠી ગાથા એ નિચોડરૂપ છે. સાતમીમાં તો કેવળ ઉપસંહાર છે. એ સાથે એક નોંધ પણ પ્રાપ્ત થાય છે કે આનંદઘનજીકૃત ચોવીશીના પાછલા બે સ્તવનો શ્રી જ્ઞાનવિમલસૂરિ તથા પંડિત દેવચંદ્રજીએ રચ્યા છે. એથી પૂર્વે જે વિચારણા કરી ગયા તે સાવ પાયા વગરની નથી એમ પુરવાર થાય છે. દરેક સ્તવનના પ્રાંત ભાગે આનંદઘન નામ આવતું હોવાથી કયું કોનું રચેલું છે એ શોધવું મુશ્કેલ છે. ઉપર જે બે વિદ્વાનોની વાત કરી એ પણ આગમના અભ્યાસી મહાત્માઓ છે એટલે એમના સ્તવનમાં યોગીરાજનો અધ્યાત્મક્રમ જળવાયેલો ન જણાય છતાં તાત્વિક ને દ્રવ્યાનુયોગ સંબંધી વિદ્વત્તા ભરેલી છે તે છુપી નથી રહેતી. એ સ્તવનો આજકાલના મામૂલી ને કેવલ 'અલબેલડા' કે નાટકી રાગ ને સ્વાંગથી સજાયેલા સ્તવનો કરતાં અતિ ઘણા ઉચ્ચ ભાવથી ભરપુર છે.

શ્રી પાર્શ્વજિનના ત્રણ સ્તવન મુજબ અહીં પણ ત્રણ સ્તવન ઉપલબ્ધ થાય છે. ઉપર એકની વાત કરી ગયા. બીજાની શરૂઆત નિમ્ન પ્રકારે થાય છે.

ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે,
ભાવું કેમ સ્વરૂપ ?
સાકારી વિણ ધ્યાન ન સંભવે રે,
એ અવિકાર અરૂપ.

આમાં પ્રભુશ્રી વીરના સાકાર–નિરાકાર સ્વરૂપથી શરૂઆત કરી, આગળની ગાથાઓમાં એની ચર્ચા ચલાવી અપેક્ષાથી ઘટનામાં બન્ને પ્રકાર સમાય છે એ દર્શાવ્યું છે. પ્રાંતની બે ગાથાઓ મનન કરવા જેવી છે.

આત્મતા પરિણતિ જે પરિણમ્યો,
તે મુજ ભેદાભેદ;
તદાકાર વિણ મારા રૂપનું રે,
ધ્યાવું વિધ પ્રતિષેધ. ૬
અંતિમ ભવગહણે તુજ ભાવનું રે;
ભાવ શું શુદ્ધ સરૂપ;
તદયે આનંદઘન પદ પામશું રે,
આતમ રૂપ અનૂપ. ૭

ત્રીજા સ્તવનમાં પ્રભુ શ્રી વીરને અનુભવી તરિકે વર્ણવી, અતીંદ્રિય પદાર્થો કે જેનું સ્વરૂપ બાળજીવોને માટે અગોચર ને અલભ્ય છે તે કરુણા કરી, સાચી મૈત્રી–ભાવના દાખવી બતાવ્યું તે માટે ઉપકારની લાગણી રજૂ કરી છે.

વીર જિનેશ્વર પરમેશ્વર જયો,
જગજીવન જિન ભૂપ;
અનુભવ મિત્તે રે ચિત્તે હિતકરી,
દાખ્યું તાસ સ્વરૂપ.

પદાર્થની ઓળખાણ કેવી વિષમ છે એ દર્શાવતાં કથે છે કે—

' નય નિક્ષેપે જે ન જાણીયે,
નવિ જીહાં પ્રસરે પ્રમાણ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે,
કેવળ અનુભવ ભાણ. ૩

આગળની ગાથાઓમાં પ્રભુની શક્તિ સૂચવતા ને ગુણ વર્ણવતાં અંતમાં (ગાથા ૭ મીમાં) જણાવે છે કે—

અનુભવ સંગે રે રંગે પ્રભુ મલ્યા,
સફળ ફળ્યા સવિકાજ;
નિજ પદ સંપદ જે તે અનુભવે,
આનંદઘન મહારાજ.

આમ જે લેખમાળા લગભગ બે વર્ષ ઉપર આરંભી હતી તે આજે પુર્ણ થાય છે. યોગીરાજ આનંદઘનજીના સ્તવનોમાં જે અધ્યાત્મભાવ ભર્યો છે તે આપણે વિસ્તારથી જોઈ ગયા. એ સાથે ક્રમસર પ્રગતિ સાધતો અભ્યાસી આગળ વધતાં કેવી રીતે આત્મ-સાક્ષાત્કાર કરી શકે એનો પણ વિચાર કરી ગયા. આમાં ટુંકમાં કહીએ તો શ્રીમદ્ આનંદઘનજીએ પ્રભુના સ્તવનરૂપે સારો ય ઉન્નતિક્રમ મુમુક્ષુ આત્મા માટે આંકયો છે અને ટુંકાણમાં આગમના ઉમદા અને કિંમતી રહસ્યો એમાં ગુંથ્યા છે. સ્તવનોમાં રહેલી આવી અપૂર્વતા ને અલૌકિકતા આગળ વર્તમાન કાળના નાટકી રાગોના સ્તવનો ફ્રાસ-ફ્રુસીઆ ને છીછરા જણાય છે.

અધ્યાત્મરસિક બંધુઓ આ સ્તવનો સતત દૃષ્ટિ સન્મુખ રાખે અને એના ભાવમાં રમણ કરવાનો અભ્યાસ પાડે તો જરૂર મુકિત સન્મુખ જીવનનાવ દોરી શકે. ૐ શાંતિ.

ઉપદેશ પદ.

સફર આ પૂરી થઈ ગઈ છે.
તમે તરછોડી મમતાને,
વળોને શ્રેયની વાટે,
પ્રમાદી કયાં સુધી રહેશો ? સફર૦...૧
વીત્યાં ચાલીશ આશામાં,
મળ્યું ના દ્રવ્ય તોયે કાંઈ,
થશો ઘરડા હવે ચેતો. સફર૦...૨
વળે છે ઝાંખ આંખોમાં,
કાન પણ થઇ ગયા બ્હેરા,
હવે તો કાંઈ સમજોને. સફર૦...૩
ગયો સહુ જન્મ ધંધામાં,
લોભનો અંત ના આવ્યો,
ધર્મ કરશો તમે કયારે ? સફર૦...૪
ધરા ધન ધામ દારાની,
કરી સેવા ગયા થાકી,
કરો સેવા નિજાતમની. સફર૦...૫
રડાવ્યા દીન દુઃખિયાને,
ચઢીને માનના ઘોડે,
ખમાવી લો તમે જલદી. સફર૦...૬
બનીને લીન સ્વારથમાં,
કર્યાં કૃત્યો ઘણાં કૂડાં,
હવે સત્કૃત્યમાં વળગો. સફર૦...૭
થયા સિત્તેર પંચોતેર,
કર્યો સાથી તમે માંગો,
પ્રભુનું નામ સંભારો. સફર૦....૮
રાજયક્ષ્મા પડ્યો લાગુ,
અશક્તિ બહુ વધી ગઇ છે,
આશક્તિને હવે છોડો. સફર૦...૯
જવું ચોકસ બધું મૂકી,
વદીને કેમ ભૂલો છો ?
મૂંઝાઓ કેમ છો મનમાં ? સફર૦...૧૦
પ્રભુના પંથમાં રહીને,
પ્રભુરૂપે તમે થઇને,
બતાવી દો જગતને કે. સફર૦...૧૧

આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર્તમાન સમાચાર.

પંજાબ સમાચાર.

પટ્ટદર્શન અને જન્મજયંતી.

શીઆલકોટ શહેરના શ્રી આત્માનંદ જૈન ભવનમાં પૂજ્ય આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે કાર્તિકી પુનમના દિવસે જૈન-અજૈનોની મોટી સભામાં પરમપુનિત શ્રી શત્રુંજયતીર્થના માહાત્મ્ય ઉપર પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું હતું. ભગવત્પ્રતિમાપૂજન શાસ્ત્રસિદ્ધ છે એમ સાબિત કરી બતાવ્યું હતું.

બપોરે શ્રી શત્રુંજય તીર્થના પટ્ટના દર્શનાર્થે આચાર્યશ્રીજી મુનિમંડળી અને શ્રી સંઘની સાથે વાજતેગાજતે રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરેરી માજીસ્ટ્રેટની કોઠીએ પધાર્યા હતા. ત્યાં લાહોર અને નારોવાલથી આવેલ શ્રીશત્રુંજયના પટ્ટ બાંધવામાં આવ્યા હતા. સ્તુતિ, ચૈત્યવંદન આદિ વિધિવિધાન કરવામાં આવ્યા. આચાર્યશ્રીજીએ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી રચિત 'જિણંદા તોરે ચરણકમલકી રે' એ સ્તવન બોલી ભાવના ભાવી હતી. શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ પંજાબના વિદ્યાર્થીઓ અને ભાઈઓએ પણ પ્રભુસ્તુતિના સ્તવનો ગાયા હતાં.

આ અવસરે મુંબઈથી રાયસાહેબ લાલા કર્મચંદજીનો ચાતુર્માસ નિર્વિઘ્નપણે સાનંદ પૂરું થયું એની ખુશાલીનો તાર આવ્યો. શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના અધિષ્ઠાતાજીએ વાંચી સંભળાવતાં સર્વે ઉત્સાહિત થઈ ગયા હતા.

રાતના સાત વાગે લાલાજીની કોઠીએ જ શહેરના સુપ્રતિષ્ઠિત પંડિત જમનાદાસ વકીલની અધ્યક્ષતામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીની જન્મજયંતી સમારોહથી ઉજવવામાં આવી.

પ્રથમ શ્રી ગુરુકુળના વિદ્યાર્થીઓએ મંગલાચરણ કર્યું. પછી લાહોરનિવાસી પંડિત પુરુષોત્તમચંદ્રજી જૈન શાસ્ત્રી એમ. એ. એમ. ઓ. એલ.એ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીના જીવન પર બોલતાં જણાવ્યું હતું કે શ્રી હેમચંદ્રાચાર્યજીની ધર્મનીતિ, રાજનીતિ અને યોગશાસ્ત્રાદિ અન્ય ભારતીય ધાર્મિક ક્ષેત્રોમાં કેટલું ઉચ્ચ સ્થાન ધરાવે છે તે ઉદાહરણોદ્વારા ગવેષણાત્મક દૃષ્ટિથી સ્પષ્ટ કર્યું હતું અને જણાવ્યું હતું કે જૈનધર્મના ખરા સ્વરૂપને સમજવું હોય તો જૈન-અજૈન શાસ્ત્રોના અગાધ વિદ્વાન શ્રી હેમચંદ્રાચાર્યજીની કૃતિઓ વાંચવી જોઈએ. એ પછી ભૂતપૂર્વ શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના વિદ્યાર્થી પંડિત હીરાલાલજી દુગડે ઉદાહરણો આપી જયંતીનાયકની જીવની ઉપર પ્રકાશ ફેંક્યો હતો,

આચાર્યશ્રીજીના દર્શનાર્થે આવેલ વડોદરાનિવાસી ડો. ત્રિભોવનદાસ લહેરચંદે ઐતિહાસિક ભાષણ આપ્યું હતું. એ પછી સંગીત થયા બાદ અધ્યક્ષમહાશયે જયંતીનાયકને વિદ્વત્તાભરી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી અને જણાવ્યું હતું કે આવા મહાપુરુષો ગમે તે ધર્મના હોય તેઓના ચરણોમાં મારું મસ્તક ઝુકી પડે છે. શ્રી હેમચંદ્રાચાર્યજીનો વિશ્વપ્રેમ અને એઓની ઉદારતા મને ઘણી જ પ્યારી લાગે છે. જે સમાજમાં, જે ધર્મમાં આવા પ્રભાવશાળી-પ્રૌઢ વિદ્વાન થઈ ગયા હોય અને શ્રી વિજયવલ્લભસૂરિજી જેવા પ્રભાવશાળી વિદ્વાન મોજુદ હોય, ખરેખર એ સમાજનું સદ્ભાગ્ય છે ઇત્યાદિ સરસ વિવેચન કર્યું. દશ વાગે સભા વિસર્જન થઈ.

શીઆલકોટ સીટીમાં રામાયણ સમાપ્ત

આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે શીઆલકોટ શહેરની જૈન અજૈન જનતાની

For Private And Personal Use Only

આગ્રહભરી વિનંતીને માન આપી ભગવાનશ્રી હેમચંદ્રાચાર્યરચિત જૈન રામયણુ જેમાં આવેલ દરેકે દરેક વિષયો પર સુંદર વિવેચનો કરી સમજુતીપૂર્વક વાંચવા પ્રારંભ કરી હતી તે કા. વ. ૧૩ જયજયકારની સાથે સમાપ્ત થઇ છે એની ખુશાલીમાં પૂજા ભણાવવામાં આવી અને પ્રભાવના કરવામાં આવી.

પાલેજમાં અઠ્ઠાઇમહોત્સવ તથા શાંતિસ્નાત્ર સમારોહ.

આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજી વિગેરેના સપરિવારના પાલેજમાં શુભાગમન બાદ બહુવિધ ધર્મકાર્યો થવા પામ્યા છે. શેઠ મૂળચંદ લક્ષ્મીચંદની સદિચ્છાથી ઉપસ્થિત થએલ આ મહોત્સવ નિમિતે કલકત્તા, દિલ્હી, આગ્રા, મુંબઇ, ગુજરાત આદિ શહેરોમાં તથા પંજાબ, મારવાડમાં આમત્રણપત્રિકા પાઠવવામાં આવી હતી અને તેને માન આપી ગુજરાત, મુંબઇ અમદાવાદ, અમલનેર આદિ શહેરોના સંબંધ ધરાવતા ઘણા શ્રીમંતો આવી પહોંચ્યા હતા. વિધિ માટે વલાદ ગ્રામનિવાસી શેઠ ફૂલચંદ ખીમચંદ તથા પૂજા માટે ગવૈયા શ્રી ભૂરાલાલ ફૂલચંદ તથા માસ્તર મુકુન્દ તથા ઉમેદપુરથી (મારવાડથી) ભજનમંડળી તથા વડોદરાથી રથ અને ભરુચથી બેન્ડ મંગાવી ઉત્સવની શોભામાં અદ્‌ભુત વધારો થયો હતો. નવકારશીઓ પણ થઇ હતી.

શાન્તિસ્નાત્ર સમયે શ્રીમાન શેઠ મૂળચંદ લક્ષ્મીચંદ તથા શેઠ મનસુખલાલ બહેચરદાસને સ્થાનિક તેમજ આસપાસના સ્થળના જૈન સંઘો તરફથી કિંમતી દુશાલા આદિ અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા. અને દેવદ્રવ્ય, જીવદયા આદિમાં પણ લોકોએ સારો ફાળો આપ્યો હતો. ઉપરોક્ત રીતે મહોત્સવ આનંદપૂર્વક સમાપ્ત થયો હતો

શ્રી અંધેરી ઉપધાનમહોત્સવ.

આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજના ઉપદેશશ્રવણુથી ઉપધાનતપ આરાધન કરવાની શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના ધર્મપત્ની અ. સૌ. કમળાબહેનની ભાવના જાગૃત થતાં વિનંતિ કરવાથી ઉપધાનતપ આરાધન કરવાનું પ્રવેશ મુહૂર્ત (પ્રથમ) માગશર શુદ ૯ તા. ૨૭-૧૧-૪૧ ના રોજ સવારના મુંબઇના પ્રતિષ્ઠિત જૈન બંધુઓની હાજરી વચ્ચે આચાર્યશ્રીએ આરાધક ભાઇઓ તથા બહેનોને ઉપધાનતપક્રિયાની શરૂઆત કરાવી હતી. શ્રીમતી કમળાબહેને ઘણા જ હર્ષપૂર્વક બીજાઓ સાથે કરી હતી. ૨૦૦ પુરુષો અને ૪૦૦ બહેનોએ ભાગ લીધો છે. બીજું મુહૂર્ત માગશર શુદ ૧૩ નું નક્કી થયેલ છે.

સ્થળ, શેઠ કરમચંદ જૈન પૌષધશાળા પાસે, શેઠ માણેકલાલભાઇની પોતાની જગ્યામાં બાંધેલા વિશાલ મંડપમાં. મળેલું

સમુદાયે કરેલો બહિષ્કાર.

મુનિશ્રી સત્યવિજયજીની સ્વચ્છંદ અનુચિત્ત પ્રવૃત્તિ જોઇ શ્રી ગુજરાંવાલાના શ્રી સંઘે અનેક રીતે તે છોડવા સમજાવ્યાં છતાં પોતાની આદત નહિ ભૂલવાથી તેમજ સાધુવેશની પણ નિભ્રંચ્છના કરવાથી શીયાલકોટથી શ્રીમાન્ વિજયવલ્લભસૂરીશ્વરજીની ગુજરાનવાલા સંઘે આજ્ઞા લઇ તે સત્યવિજયને તેના વતન અમદાવાદ વિદાય કરેલ છે. જેથી સર્વ સાધુમુનિરાજ તેથી સાવચેત રહે.

શ્રી આત્માનંદ જૈન મુક્તિમંદિરનું ખાંત મુહૂર્ત.

પૂજ્યપાદ્ આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી અને એઓશ્રીજીની ઉપસ્થિતિમાં શીયાલકોટ શહેરમાં માગશર સુદિ ૧૦ તા. ૨૮-૧૧-૪૧ શુક્રવારે શ્રી આત્માનંદ જૈન મુક્તિમંદિરનું ખાંત મુહૂર્ત ગુજરાંવાલાનિવાસી લાલા કર્પૂરચંદજી દુગડ જૈનના સુપુત્રી કુમારી પુષ્પાવતીના હાથે કરવામાં આવ્યું છે. આની ખુશાલીમાં રાયસાહેબ લાલા કર્મચંદજી ઓનેરરી માજીસ્ટ્રેટે પાંચ રૂપીયા કુમારી પુષ્પાવતીને બક્ષીશ આપ્યા, કુમારી પુષ્પાવતીએ પોતાના તરફથી ૭ રૂપીયા ઉમેરી ૧૨ રૂપીયા શ્રીમંદિરને અપર્ણ કર્યા.

આ પ્રસંગે રાયસાહેબ લાલા કર્મચંદજી ઓનરરી માજીસ્ટ્રેટ, લાલા ગોપાલશાહજી, બાબુ ભોળાનાથજી, બાબુ શોરીલાલજી બી. એ., લાલા રામલાલજી પ્યારાલાલજી, ખજાનચીલાલજી વિગેરે અને ગુજરાંવાલાનિવાસી લાલા ચરણદાસજી પનાલાલજી, દીવાનચંદજી, છોટાલાલજી, કપૂરચંદજી, ચૌધરી દીનાનાથજી વિગેરે-જૈન અજૈન બંધુઓની ઉપસ્થિતિ ખાસ ધ્યાન ખેંચનારી હતી. શીલાન્યાસની તૈયારી ચાલી રહી છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વાસુપૂજ્ય (પ્રભુ) ચરિત્ર.

(શ્રી વર્દ્ધમાનસૂરિકૃત.)

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્દ્ધમાનસૂરિજીએ સં. ૧૨૯૯ ની સાલમાં** લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્ભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાયેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકિકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે, કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.

(આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે.)

શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત–

શ્રી પ્રભાવક ચરિત્ર (ભાષાંતર)

ઐતિહાસિક કથા–સાહિત્યનો આ ગ્રંથ વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યો મહારાજના જીવન ઉપર કર્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડયો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર કથાનક (ભાષાંતર) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિત જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સરલ, સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથ અમુક અમુક જૈન શિક્ષણ-શાળાઓ માટે ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મેળવેલ છે. આવો ઉપયોગી સાહિત્યગ્રંથ હોવાથી વાંચતાં પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨–૮–૦. પોસ્ટેજ અલગ.

લખો : **શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

૧. શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર.	રૂા. ૧–૧૨–૦
૨. શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો.	રૂા. ૨—૦–૦
૩. સદર ભાગ ૨ જો.	રૂા. ૨—૮–૦
૪. શ્રી વિમલનાથ ચરિત્ર.	રૂા. ૧–૧૨–૦
૫. શ્રી મહાવીર ચરિત્ર.	રૂા. ૩—૦–૦
૬. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર.	રૂા. ૨—૮–૦
	રૂા. ૧૩—૮–૦

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત (રૂા. ૨–૦–૦ ની કિંમતનો) ભેટ આપવામાં આવશે.

ગુજરાતી ગ્રંથો.

નીચેના ગુજરાતી ભાષાના કથાના સું ર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્‌લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.

(૧) શ્રી ચંપકમાળા ચરિત્ર	રૂા. ૦–૮–૦	(૯) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર)	રૂા. ૧–૦–૦
(૨) શ્રી સમ્યક્‌ત્વ કૌમુદી	રૂા. ૧–૦–૦	(૧૦) શ્રી પ્રભાવક ચરિત્ર	રૂા. ૨–૮–૦
(૩) શ્રી ઉપદેશ સપ્તતિકા	રૂા. ૧–૦–૦	(૧૧) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત	
(૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની		સાદું પૂંઠું	રૂા. ૧–૮–૦
કથા	રૂા. ૧–૦–૦	,, રેશમી પૂંઠું	રૂા. ૨–૦–૦
(૫) આદર્શ જૈન સ્ત્રીરત્નો	રૂા. ૧–૦–૦	(૧૨) સતી સુરસુંદરી ચરિત્ર	રૂા. ૧–૮–૦
(૬) શ્રી દાનપ્રદીપ	રૂા. ૩–૦–૦	(૧૩) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર	રૂા. ૦–૨–૦
(૭) કુમારપાળ પ્રતિબોધ	રૂા. ૩-૧૨-૦	(૧૪) ,, સોળમો ઉદ્ધાર	રૂા. ૦–૪–૦
(૮) જૈન નરરત્ન ભામાશાહ	રૂા. ૨–૦–૦	(૧૫) શ્રી તીર્થંકર ચરિત્ર	રૂા. ૦-૧૦-૦

કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦

૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only